પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૧૦૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૯-૧૨-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 108 PRICE :-RS. 1.50 DATE : 29-12-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજ્યમાં એકવાર ફરી કમોસમી માવઠું

## ગાંધીનગર, અમદાવાદ સહિત જિલ્લાઓમાં આંશિક વરસાદ

અમદાવાદ,

ઠંડીની ઋતુમાં એકવાર ફરી ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ છે. ગુજરાતમાં મોડી રાત્રિએ અનેકો જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડ્યો હતો. રાજ્યનાં પાટનગરથી લઈને મેટ્રો સિટી અમદાવાદમાં પણ ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો છે.

રાજ્યમાં મોડી રાત્રિએ કમોસમી વરસાદ પડ્યો હતો. મળી રહેલી માહિતી અનુસાર ગઈ કાલે રાત્રે ૧૨ થી ૭ તાલુકામાં આંશિક વરસાદ નોંધાયો છે. જણાવી દઈએ કે, કચ્છ, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાનાં તાલુકામાં વરસાદ પડ્યો હતો. જો કે આ પહેલા હવામાન વિભાગે રાજ્યમાં કમોસમી વરસાદ પડી શકે છે તે અંગે જણાવ્યુ હતુ. જો કે રાજ્યમાં



ક્યાંક હળવા છાંટા પડ્યા છે, તો કેટલાક શહેરોમાં માત્ર રોડ રસ્તા ભીના થયા છે. ઘણી જગ્યાએ તો એવો અનરાધાર તૂટી પડયો છે, જાણે ચોમાસું ફરી પાછુ બેસી ગયું હોય. જો કે હવે કમોસમી વરસાદ જાણે સામાન્ય વાત બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત સહિત રાજ્યનાં અન્ય ભાગોમાં પણ કમોસમી વરસાદને પગલે જનજીવન ખોરવાયું હતું. હવામાન વિભાગે મંગળવારે ગુજરાતનાં ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરી હતી. જો કે, મંગળવારની પૂર્વરાત્રીએ જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાજ્યનાં અમદાવાદ જિલ્લાનાં માંડલ તાલુકો, ઉપરાંત ગાંધીનગર જિલ્લાનાં કલોલ, માણસા અને દહેગામમાં કમોસમી વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત, સૌરાષ્ટ્રનાં રાજકોટ, જામનગર, મોરબી, હળવદ તેમ જ ઉત્તર ગુજરાતનાં અરવલ્લી, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, વિસનગર, બહુચરાજી, ચાણસ્મા, પાટણ, પાલનપુર, વાવ પંથકમાં વરસાદી છાંટા પડ્યા હતા, જેના પગલે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું અને તૈયાર પાકને બચાવવા માટે દોડાદોડી કરી મૂકી હતી. સોમવારે આખો દિવસ વાદળોથી ધૂંધળા બનેલા વાતાવરણનાં કારણે વહેલી સવારે હવામાં ભેજનું પ્રમાણ પણ વધ્યું હોવાથી સવારે ધુમ્મસ જોવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં છેલ્લા બે દિવસમાં શિયાળો અને ચોમાસુ આમ બન્ને ઋતુનો લોકોએ અનુભવ કર્યો છે. શિયાળો ચાલી રહ્યો છે જેના કારણે ઠંડક અને કમોસમી વરસાદ પડવાથી ઝાકળની સ્થિતિ ઉભી થઈ છે.

## રાજ્યનાં ૬ શહેરોની સ્કૂલોમાં હાજરી ૭૦% સુધી ઘટી

અમદાવાદ,

ગુજરાત સહિત દેશભરમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. જો કે રાજ્યમાં શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ શાળાઓમાં ઑફલાઇન શિક્ષણ હાલ બંધ નહીં કરવાની જાહેરાત કરી છે. સ્કૂલોમાં કોરોના ગાઈડલાઈનનું યોગ્ય પાલન કરાવવામાં આવી રહ્યું હોવાની સરકારની ખાતરી છતાં પણ મોટી સંખ્યામાં વાલીઓએ તેમના બાળકોને સ્કૂલે મોકલવાનું બંધ કર્યું છે.

રાજકોટની ૨૦૦ જેટલી સ્કૂલોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦ ટકા સુધી ઘટી છે. જ્યારે અમદાવાદમાં વિદ્યાર્થીઓના પ્રમાણમાં ૪૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. પ્રાથમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓના પ્રમાણમાં મોટો ઘટાડો થયો છે જ્યારે માધ્યમિક અથવા તો હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓની સંખ્યા હજુ યથાવત છે. વાલીઓમાં પણ હવે ઑફલાઈનને બદલે ઓનલાઈન શિક્ષણની માંગ વધી રહી છે.

અમદાવાદમાં સ્કૂલ સંચાલકોના મતે ઓનલાઈન વર્ગોમાં વધુ વિદ્યાર્થીઓ જોડાઈ રહ્યાં છે. વાલીઓ પોતાના બાળકોને સ્કૂલે મોકલવા કરતા ઓનલાઈન જ અભ્યાસ કરાવી રહ્યાં છે.વડોદરામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સરેરાશ ૧૫થી ૨૦ ટકાનો ઘટાડો થયો છે જ્યારે માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦ ટકા સુધી ઘટી છે. જ્યારે સુરતમાં નૉન-ગ્રાન્ટેડ સ્કૂલોમાં ૫થી ૧૦ ટકા વિદ્યાર્થીઓએ ઓનલાઈન શિક્ષણ લેવાની શરૂ કર્યું છે.

રાજકોટમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જુદી જુદી ૬ ટીમ બનાવીને શહેરની શાળાઓમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. દરેક શાળાઓમાં કોવિડ ગાઈડલાઈન મુજબ સુવિધા-વ્યવસ્થા છે કે કેમ, બાળકો અને શિક્ષકો સહિતના સ્ટાફ માસ્ક પહેરે છે કેમ તેવી તમામ બાબતોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કચેરીના જણાવ્યા પ્રમાણ હજુ સુધી કોઈ સ્કૂલમાં કશું વાંધાજનક બહાર આવ્યું નથી.

અમદાવાદમાં એક સ્કૂલના પ્રિન્સિપાલે નામ જાહેર ન કરવાની શરતે વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦ ટકા સુધી ઘટી હોવાનું સ્વીકાર્યું હતું. તેમણે કહ્યું હતું કે ઓફલાઈન હાજરીમાં ઘટાડો થયો છે. પરંતુ સ્કૂલ સંચાલકો હાજરીની માહિતી જાહેર કરતા નથી. ઘણી સ્કૂલો ઓનલાઈન હાજરી પણ ભરતી નથી. ઘણા સંચાલકો ઓફલાઈન બંધ થવા દેવા માંગતા નથી.

સુરતમાં વધુ ૨ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ બન્યા હતા. જેમાં ૨ કોલેજના તથા એક વિદ્યાર્થી ધોરણ ૧૧નો છે. સંક્રમિત થયેલા કોલેજના બન્ને વિદ્યાર્થીએ રસીના બન્ને ડોઝ લીધા હતા. અગાઉ રવિવારે સુરતમાં ૪ વિદ્યાર્થી સંક્રમિત થયા હતા. જ્યારે રાજકોટમાં પણ ૩ વિદ્યાર્થી કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટથી સંક્રમિત થયાનું સોમવારે સામે આવ્યું હતું.

## મોંઘવારીનો માર, સિંગતેલ અને કપાસિયાના ભાવમાં ધરખમ વધારો

અમદાવાદ,

રાજ્યમાં ખાદ્યતેલના ભાવમાં ફરીથી એક વાર વધારો કરવામાં આવ્યો છે. સિંગતેલ અને કપાસિયા તેલમાં એક ડબ્લા પર ૧૫ રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવ્યો છે. કપાસિયા તેલના ડબ્લાનો ભાવ રૂપિયા ૨૦૭૫ થયો છે. જ્યારે સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૨૭૫ રૂપિયા થઈ ગયો છે. મગફળી ડિમાન્ડમાં રહેતા સિંગતેલના ભાવ પણ વધી ગયા છે. યાર્ડમાં કપાસના ભાવ પણ એકંદરે ૧૪૦૦થી ૧૮૦૦ વચ્ચે સ્થિર રહ્યા છે. મગફળીની સાથે કપાસની પણ સારી આવક પહેલેથી થઈ રહી છે.



તમને જણાવી દઈએ કે કેન્દ્ર સરકારે ખાદ્યતેલોના ભાવ વાજબી થાય તે માટે વાયદાના વેપાર પર પ્રતિબંધ, આયાત છૂટ સહિતના પગલાં લીધા પરંતુ રાજ્ય સરકારે કેન્દ્રની સૂચના છતા સ્ટોક લિમિટ મૂકીને સંગ્રહખોરી પર નિયંત્રણ મૂક્યુ નથી. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર માર્કેટ યાર્ડમાં મગફળીનો રેકૉર્ડબ્રેક પાક, યાર્ડમાં ધૂમ આવક છતાં સિંગતેલમાં બે દિવસમાં ૩૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તેના પગલે કપાસિયા તેલમાં ૨૫ અને પામતેલમાં પણ ૨૦ રૂપિયાનો વધારો થયો છે.

વરસાદી સિઝનના કારણે રાજકોટના માર્કેટ યાર્ડ ૨ દિવસ માટે બંધ રહેશે. અહીં લગભગ ૩૧.૩૫ લાખ કિલો મગફળીની આવક થઈ છે અને તની કિંમત આશરે ૧૬ કરોડ રુપિયાની છે. માર્કેટ યાર્ડમાં મગફળીના ભાવ ઘણા દિવસોથી ૯૦૦-૧૧૫૦ રુપિયાની વચ્ચે જોવા મળી રહ્યા છે. ખેડૂતોને મળતા મગફળીના ભાવ સ્થિર છે.

## ૧૫ લાખ સુધીના કૌભાંડને ભ્રષ્ટાચાર ન ગણાય, વધુ હોય તો વાત કરો : ભાજપ સાંસદ જનાર્દન મિશ્રા

રેવા,

મધ્યપ્રદેશના રેવાથી ભાજપના સાંસદ જનાર્દન મિશ્રા ૧૫ લાખ સુધીના કૌભાંડને ભ્રષ્ટાચાર નથી માનતા. આ વાત તેણે માઈક પર બોલતા ખુલ્લેઆમ કહી હતી. તેમણે કહ્યું કે, જ્યારે લોકો સરપંચ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવે છે, ત્યારે હું તેમને કહું છું કે ૧૫ લાખ રૂપિયા સુધીનો ભ્રષ્ટાચાર છે, તો ભાઈ અમારી સાથે વાત ન કરો. હા જો આપણે આનાથી વધુ કર્યું હોય તો તેને ભ્રષ્ટાચાર ગણીશું. ભ્રષ્ટાચાર ૧૫ લાખથી વધુ હોય, ત્યારે જ મારી પાસે આવો.

જનાર્દન મિશ્રાએ ૧૫ લાખ સુધીના કૌભાંડને ભ્રષ્ટાચાર ન ગણવાનું



કારણ પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, એક સરપંચ ચૂંટણીમાં ૭ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરે છે. આપછી જો તેને બીજી વખત સરપંચીની ચૂંટણી લડવી હોય તો તેના માટે પણ ૭ લાખ રૂપિયાની જરૂર પડશે. મોંઘવારી વધે તે પ્રમાણે એક લાખ રૂપિયા ભેગા કરે છે.એટલા માટે કોઈએ ૧૫ લાખ સુધીના ભ્રષ્ટાચારની ફરિયાદ ન કરવી જોઈએ. હા, ૧૫ લાખ કરતા વધુનો ભ્રષ્ટાચાર થાય છે તો વાત કરો. ઉલ્લેખનીય છે કે, જનાર્દન મિશ્રા રેવા સ્થિત બ્રહ્મા કુમારી આશ્રમ ગયા હતા. જ્યાં મિશ્રાએ મીડિયા વર્કશોપને સંબોધિત કરી હતી. આ સાથે જ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સરપંચ ૧૫ લાખથી વધુનો ભ્રષ્ટાચાર કરે તો લોકોએ ફરિયાદ કરવી જોઈએ. ભાજપ સાંસદ અહીં જ ન અટક્યા. તેમણે કહ્યું કે, આ દેશની વરવી વાસ્તવિકતા છે. ભ્રષ્ટાચારની કડી નીચેથી ઉપર સુધી છે. ૧૫ લાખથી વધુનો ભ્રષ્ટાચાર થાય તો આવો જનાર્દન મિશ્રાના આ નિવેદનનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં તે કહેતા જોવા મળે છે કે, "...જ્યારે લોકો સરપંચ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવે છે, ત્યારે હું મજાકમાં કહું છું કે, જો ૧૫ લાખ રૂપિયા સુધીનો ભ્રષ્ટાચાર છે, તો મારી પાસે આવો જ નહીં... તો આવો, જ્યારે ભ્રષ્ટાચાર ૧૫ લાખ રૂપિયા કરતાં વધુ હોય તો વાત અલગછે. Ads by જે વીડિયો વાયરલ થયો હતો તમે વીડિયોમાં જોઈ શકો છો કે, રેવાના સાંસદ જનાર્દન મિશ્રાએ પણ જણાવ્યું હતું કે, "સરપંચ ચૂંટણીમાં ૭ લાખ ખર્ચે છે અને પછી તેને આગામી ચૂંટણી માટે ૭ લાખજોઈએ છે અને મોંઘવારી માટે એક લાખની જરૂર છે. આવા ૧૫ લાખ સમજી શકાય છે, પણ જો આનાથી વધુ થતું હોય તો તેને સમજાતું નથી તે ભ્રષ્ટાચાર ગણાશે.

## કન્ઝ્યુમર ગુડ્સ પરનાં ટેક્સનાં દરો અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની ચુકવણીમાં ફેરફાર થવા જઈ રહ્યો છે

નવીદિલ્હી,

વર્ષ ૨૦૨૨ ની શરૂઆત સાથે, કન્ઝ્યુમર ગુડ્સ પરનાં ટેક્સનાં દરો અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ની ચુકવણીમાં ફેરફાર થવા જઈ રહ્યો છે. ઈ-કોમર્સ વેબસાઈટની મુલાકાત લેવાથી માંડીને ઉપભોક્તા ચીજવસ્તુઓ જેમ કે ફૂટવેર, કપડા પર ટેક્સનો બોજ વધતા તે મોંઘુ બનશે. આ સાથે જીએસટીની અસર પરિવહનનાં માધ્યમો પર પણ જોવા મળશે.

જ્યાં નવું વર્ષ કેટલાક લોકો માટે સારી સુવિધા લઈને આવ્યું છે. વળી, કેટલાક લોકો માટે, એક મોટી સમસ્યા આવી રહી છે. હા, એવું છે કે પહેલા લોકો માત્ર પેટ્રોલ, ડીઝલનાં ભાવથી નાખુશ રહેતા હતા. પરંતુ, હવે વધુ




એક વાત સામે આવી છે જે લોકોની મુશ્કેલીઓમાં વધારો કરે છે. આપને જણાવી દઈએ કે, નવું વર્ષ એટલે કે ૧ જાન્યુઆરીથી લોકોને આંચકો લાગશે કારણ કે ઘણી વસ્તુઓ અને સેવાઓ પર ટેક્સ વધવા જઈ રહ્યો છે. અત્યાર સુધી કેટલીક વસ્તુઓ આ દાયરાની બહાર રાખવામાં આવી હતી. પરંતુ, હવે તેઓને પણ કરપાત્ર બનાવવામાં આવી રહ્યા છે. આપને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૨૧માં તેની છેલ્લી બેઠકમાં જીએસટી કાઉન્સિલે ટેક્સને લઈને ઘણા નિર્ણયો લીધા છે. ઉદાહરણ તરીકે, ૧૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતનાં રેડીમેડ ગારમેન્ટ્સ અને શૂઝ પર જીએસટીનો દર પાંચ ટકાથી વધારીને ૧૨ ટકા કરવામાં આવ્યો છે. બીજી તરફ, ઓનલાઈન ફૂડ ઓર્ડર પર હવે રેસ્ટોરન્ટને બદલે ડિલિવરી સર્વિસ પ્રોવાઈડર પાસેથી ટેક્સ વસૂલવામાં આવશે. આ સિવાય હવે એપ આધારિત કેબ સર્વિસ પ્રોવાઈડરનાં માધ્યમથી બુક કરાયેલા ઓટો (ઓલા ઉબેર અપડેટ)નાં ભાડા પર જીએસટી વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તે ખુશીની વાત છે કે, જીએસટી કાઉન્સિલનાં આ નિર્ણયથી ઑફલાઈન ઓટો પર કોઈ અસર નહીં થાય. હાલમાં તે જીએસટીનાં દાયરાની બહાર છે. જણાવી દઈએ કે, સરકાર એપથી ઓટો બુક કરાવનારા મુસાફરોને પ્રીમિયમ શ્રેણીમાં રાખે છે. તેથી હવે એપ આધારિત કેબની સાથે એપ આધારિત ઓટોને પણ જીએસટીનાં દાયરામાં લાવવામાં આવી રહી છે.

## લુધિયાણા કોર્ટ બ્લાસ્ટ કેસના માસ્ટર માઈન્ડની જર્મનીમાં કરવામાં ધરપકડ કરવામાં આવી

ચંડીગઢ,

પંજાબની લુધિયાણા કોર્ટ બોમ્બ બ્લાસ્ટના માસ્ટર માઈન્ડની જર્મનીમાંથી ધરપકડ કરવામાં આવી છે. માસ્ટર માઈન્ડનું નામ જસવિંદર સિંહ મુલતાની હોવાનું જણાવવામાં આવી રહ્યું છે, જે લુધિયાણા અને દેશના અન્ય શહેરોમાં બ્લાસ્ટની યોજના ઘડનાર શીખ ફોર જસ્ટિસનો સક્રિય સભ્ય છે. જસવિંદર સિંહ મુલતાનીની જર્મનીની એજન્સીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે.

એજન્સીને શંકા છે કે મુલતાની લુધિયાણા સહિત ભારતના વિવિધ શહેરોમાં વિસ્ફોટો કરવાના કાવતરામાં સામેલ છે. જસવિંદર સિંહ મુલતાની પંજાબના હોશિયારપુરના મુકેરિયાના રહેવાસી છે અને તેનો જન્મ વર્ષ ૧૯૭૬માં થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે મુલતાનીના બે ભાઈ છે અને બંને જર્મનીમાં દુકાન ચલાવે છે. મુલતાની પાકિસ્તાન ગયો હતો કે નહીં, એજન્સીઓ પણ



તેની પાસેથી આ અંગે પૂછપરછ કરી રહી છે.

ગત અઠવાડિયે લુધિયાણા કોર્ટમાં બ્લાસ્ટ થયો હતો. જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસને મહત્વની કડી હાથ લાગી છે. જર્મની પોલીસે ગયા અઠવાડિયે લુધિયાણા કોર્ટ બ્લાસ્ટમાં સંડોવણી અને દિલ્હી અને મુંબઈને નિશાન બનાવવાનું કાવતરું ઘડવાના આરોપમાં પ્રતિબંધિત સંગઠન શીખ ફોર જસ્ટિસના સભ્ય જસવિંદર સિંહ મુલતાનીની ધરપકડ કરી છે. મધ્ય જર્મનીના એર્ફર્ટથી સંઘીય પોલીસે મુલતાનીની ધરપકડ કરી હતી.

## સરકારની ભરતીમાં ભ્રષ્ટાચારથી નારાજ રાષ્ટ્રપતિથી સમ્માનિત અધિકારીએ રાજીનામુ આપ્યું

જયપુર,

રાજસ્થાનમાં સરકારી ભરતીમાં વ્યાપ્ત છેંતરપીડી અને ભ્રષ્ટાચારથી નારાજ થઈ સીઆરપીએફના એક અધિકારીઓ પોતાની નોકરીમાંથી રાજીનામુ આપી દીધુ છે.રાષ્ટ્રપતિના નામે લખેલ પોતાના રાજીનામામાં અધિકારીએ તેના માટે માધ્યમિક શિક્ષા બોર્ડના ચેરમેન અને પૂર્વ શિક્ષણ મંત્રીને જવાબદાર ઠેરવ્યા છે.ઝુઝુનુ જીલ્લામાં રહેનાર સીઆરપીએફમાં આસિસ્ટેંટના પદ પર તહેનાત વિકાસ જાખડે ૨૦૧૬માં નકસલવાદીઓને ભારે જવાબ આપતાં ઝારખંડની લાતેહાર જીલ્લામાં ઉખાડી ફેંક્યા હતાં તેમની આ વીરતા અને સાહસને જોતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સેનાના શૌર્ય ચક્રથી નવાજયા હતાં વિકાસ જાખડની આ શૌર્યતાનો ઉલ્લેખ રાજસ્થાન પાઠયક્રમમાં પણ સામેલ કરવામાં આવ્યો ધો.૮ના પુસ્તકોમાં વિકાસ જાખડની શૌર્યતા અને અદ્યમ સાહના કિસ્સા સ્કુલોમાં બાળકો ભણી ચુકયા છે.

વિકાસ જાખડે રાજસ્થાન સરકાર પર સરકારી ભરતીઓમાં ભ્રષ્ટ્રાચાર રોકવા અને ભરતીમાં પારદર્શિતા ન રાખવા માટે નિષ્ફળ ઠેરવવામાં આવ્યા જયારે તેના માટે માધ્યમિક શિક્ષા બોર્ડના ચેરમેન ડી પી જરોલી અને પૂર્વ શિક્ષા મંત્રી ગોવિંદસિંહ ડોટાસરાને જવાબદાર ઠેરવ્યા.મુખ્યમંત્રી અશોક ગહલોતને



લખેલા પત્રમાં વિકાસ જાખડે કહ્યું કે યુવાનોના ભવિષ્યની સાથે થઈ રહેલ ખિલવાડથી હું દુખી છું અને સીઆરપીએફમાં સહાયક કમાંડેટના પદેથી મારૂ રાજીનામુ રાષ્ટ્રપતિના નામે મારા વિભાગને મોકલી આપ્યું છે.

જયારે વિકાસ જાખડની પત્ની સુમન પુનિયાએ પણ ચેતવણી આપી છે કે તેમના પતિની માંગો પર સરકાર વિચાર નહીં કરે તો તે પણ પોતાનું રાજીનામુ સોંપી દેશે. વિકાસ જાખડની પત્ની સુમન ચિકિત્સા અને આરોગ્ય વિભાગમાં કાર્યરત છે.તેમણે પોતાની પાંચ સુત્રી માંગોમાં રીટ પરીક્ષાને રદ કરી,તેને એક મહીનામાં ફરીથી કરાવવા,રીટ પરીક્ષાની છેંતરપીડીની સીબીઆઇ તપાસ કરાવવા,માધ્યમિક શિક્ષા બોર્ડના ચેરમેન ડી પી જરોલીને હટાવવા,સમયબધ્ધ અને અબાધરૂપે પરીક્ષાઓ કરાવવા માટે એક સમિતિની સુપ્રીમ કોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં રચના કરવા અને વિધાનસભામાં નકલ માફિયાઓ પર કડક કાનુન લાવવાની માંગ કરી છે.

## ગુજરાતમાં ૩ જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષના કિશોરોને વેક્સિન આપવા માટે રાજ્યનો આરોગ્ય વિભાગ સજ્જ

અમદાવાદ,

ગુજરાતમાં ૩ જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષના કિશોરોને વેક્સિન આપવા માટે રાજ્યનો આરોગ્ય વિભાગ સજ્જ બન્યો છે. આરોગ્ય વિભાગે કિશોરોને વેક્સિન આપવા માટે જરૂરી તમામ તૈયારીઓ અને આયોજન કર્યું છે. આરોગ્ય સચિવ મનોજ અગ્રવાલે માહિતી આપતા જણાવ્યું કે, કિશોરોને રસી માટે ૧ જાન્યુઆરીથી રજિસ્ટ્રેશન શરૂ થશે. આ ઉપરાંત સ્પોટ પર જ રજિસ્ટ્રેશનની સુવિધા રહેશે.

મનોજ અગ્રવાલે જણાવ્યું કે, રાજ્યમાં અંદાજે ૩૪ લાખ કિશોરો રસી લેવાની પાત્રતા ધરાવે છે. આરોગ્ય વિભાગ શિક્ષણ વિભાગ સાથે સંકલન સાધી શાળાઓમાં જઈને કિશોરોને વેક્સિન આપશે. આ ઉપરાંત ક્લસ્ટર બનાવીને કેમ્પ પણ કરવામાં આવશે. વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૪માં જન્મેલા બાળકોને વેક્સિન આપવામાં આવશે. જે બાળકો પાસે ઓળખપત્ર નહીં હોય તેવાં બાળકોને શાળા લખાણ લખીને આપશે તે મુજબ વેક્સિન આપવામાં આવશે.

બીજી તરફ ૬૦ વર્ષથી વધુની વયના લોકોને તેઓ કો-મોર્બિડ છે કે નહીં તે મુજબ વેક્સિન આપવામાં આવશે. ૬૦ વર્ષથી વધુની વયના લોકોને રસીનો બીજો ડોઝ લીધાના ૩૯ સપ્તાહ બાદ બુસ્ટર ડોઝ આપવામાં આવશે. ૬૦ વર્ષથી વધુની વયના કુલ ૬૫ લાખ ૮૨ હજાર નાગરિકોને બુસ્ટર ડોઝ અપાશે. આ ઉપરાંત ૬.૪૦ લાખ ફ્રન્ટ લાઈન અને હેલ્થ વર્કર્સને બુસ્ટર ડોઝ આપવામાં આવશે.

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**રાઠોડ બલદેવસિંહ ચંદ્રસિંહ**

**મુ. વિઠ્ઠલપુરા, તા. હાલોલ**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**અરવિંદભાઈ ઘનશ્યામભાઈ**

**મુ. બળીયાદેવ, તા. હાલોલ**

**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા-૩૧ સને : ૨૦૨૧-૨૨**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી રસ્તાના મરામતનું એક કામ તથા નવીન બિલ્ડીંગ એક નાં કામ માટે ઓનલાઈન ટેન્ડર બી.૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૩૮૭.૭૬ લાખ થી ૭૧૫.૩૯ લાખ વચ્ચેની છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૧૫.૧.૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૧૫.૧.૨૨, ૧૮:૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૧૫.૧.૨૨ થી તા.૨૪.૧.૨૨ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે. વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી.

માહિતી/ગોધરા/૭૮૫/૨૦૨૧

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## લુણાવાડા બાવન પાટીદાર સમાજઘર ખાતે સુશાસન સપ્તાહની ઉજવણી

# કૃષિ, પશુપાલન અને સહકાર વિભાગના સંયુક્ત ઉપક્રમે કૃષિ દિન કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

રાજ્ય સરકાર દ્વારા ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપાઈજીના જન્મ જયંતી નિમિત્તે સુશાસન સપ્તાહની ૨૫મી ડિસેમ્બરથી ૩૧ડિસેમ્બર ૨૦૨૧સુધી ઉજવણી કરવાનું નક્કી કરેલ છે જેમાં લજ્ઞઝમ લજ્ઞદ્યચ–ક્ષફક્ષભચ ઉજવણી સંદર્ભે મહિસાગર જિલ્લામાં લુણાવાડાના બાવનપાટીદાર સમાજ ઘર ખાતે જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરની અધ્યક્ષતામાં સુશાસન સપ્તાહના ચોથા દિવસે good governance કૃષિ દિવસની મંગલ દિપ પ્રગટાવી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રમુખ ડામોરે જણાવ્યું કે, ભારતના પૂર્વ વડાપ્રધાન વાજપાયજીના જન્મદિવસની સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મહાત્મા ગાંધીના છેવાડાની માનવીને પ્રગતિને પ્રાધાન્ય આપી મજબૂત ભારતના નિર્માણની કરેલ વાત એ સુશાસનનો પાયો છે. સુશાસન એટલે એવું રાજ્ય છે, જ્યાં વસતા દરેક નાગરિકનો પૂર્ણ વિકાસ થાય એવું વાતાવરણ મળતા છેવાડાના માનવી સુધી સરકારની જન કલ્યાણકારી અને યોજનાકીય સુવિધાઓ પહોંચાડી રાજ્ય સરકારના સુશાસનની વહીવટી પ્રણાલીની પ્રતિતિ કરાવી છે. વધુમાં પ્રમુખએ જણાવ્યું કે ઉપસ્થિત ખેડૂત ભાઈ–બહેનોએ કૃષિ, પશુપાલન અને બાગાયત વિભાગની યોજનાઓનો લાભ મેળવી આત્મનિર્ભર બનવા અનુરોધ કર્યો હતો.પ્રાકૃતિક ખેતી થકી જમીનની આવરદા અને ખેત ઉત્પાદન ધીમી ગતિએ વધે છે, ખેડુતોએ હવે ગાય આધારીત ઝીરો બજેટ ખેતી અપનાવવી જોઈએ તેમ ઉમેરી ખેડુતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા માટે અપીલ કરી હતી.

આ પ્રસંગે કલેકટર ડો. મનીષકુમાર બંસલે જણાવ્યું કે, કૃષિ દિવસએ જિલ્લાના ખેડૂત ભાઈ બહેનો માટે ખૂબ જ મહત્વનો છે રાજ્ય સરકારની અનેકવિધ કૃષિ, પશુપાલન, બાગાયત ની યોજનાઓનો લાભ અંતરિયાળ અને છેવાડાના ખેડૂતો માટે પહોંચતો કરવો એ આપણા સૌની ફરજ બને છે. તેમજ સરકારની આપણા પ્રત્યે અપેક્ષાઓ છે તેને ખડેપગે રહીને કામગીરી કરી સકારાત્મકતા થી નાગરિકની ભલાઈ માટે કામ કરી વધારેમાં વધારે સારી કામગીરી કરવા અધિકારીઓ– કર્મચારીઓને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીએ કૃષિ દિવસે ઉપસ્થિત ભાઈઓ–બહેનોને જણાવ્યું કે સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ તમને પહોંચાડવોએ સુશાસન સપ્તાહની સાર્થક ઉજવણી કરી કહેવાશે. આ યોજનાઓનો લાભ મેળવી આપ સૌ આત્મનિર્ભર બનો તેવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે કૃષિ પરિવહન યોજના, મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચરયોજના, સ્માર્ટફોન યોજના, વિનામૂલ્યે છત્રી, દૂધ ઘર બાંધકામ યોજના, કે.સી.સીયોજના, પ્રાકૃતિક ખેતી અને શ્રેષ્ઠ પશુપાલક તેમજ બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડના લાભાર્થીઓને મંજૂરી પત્રો, હુકમ અને સાધનોની રૂા.૫૮ લાખ ઉપરાંતના લાભોનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન ખેતીવાડી અધિકારી સુમિત પટેલે કર્યુ હતું તેમજ આભાર દર્શન નાયબ પશુપાલન નિયામક એમ.જી. ચાવડા એ કર્યું હતું. સાથે ઉપસ્થિત સૌ ખેડૂત ભાઈઓ બહેનોએ ફિલ્મનું નિદર્શન નિહાળ્યું હતું. પ્રગતિશીલ ખેડૂત મિત્રો એ પ્રાકૃતિક ખેતી અંગે સફળ વાર્તાઓ કહી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ, કારોબારી અધ્યક્ષ ભવાનભાઇ, સિંચાઇ સમિતિના ચેરમેન ભાથીભાઇ, સુરક્ષા સમિતીના ચેરમેન હર્ષાબેન પટેલ,ખાનપુર એપીએમસીના ચેરમેન જાલુભાઈ પટેલસહિત પદાધિકારીઓ, અધિકારીઓ, કૃષિ, પશુપાલન અને બાગાયત વિભાગના કર્મચારીઓ, લાભાર્થીઓ સહિત ખેડૂત ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રદેશ પ્રમુખની સૂચનાની અવગણના

## મહીસાગર જિલ્લામાં એક થી વધુ તથા પરિવાર માં બે હોદ્દા ધરાવતા હોદ્દેદારો ની મનમાની

લુણાવાડા,

પ્રદેશ ભાજપ અધ્યક્ષની એક વ્યકિત એક હોદા અંગેની સૂચનાનો મહીસાગર જીલ્લામાં અમલ થવાની ચર્ચાઓ શરૂ થતાં એકથી વધુ હોદ્દા તથા પરિવારમાં બે હોદ્દાઓ ધરાવતા નેતાઓની સત્તાકાપ અને સક્ષમ કાર્યકર્તાઓને હોદ્દાઓની તક ઊભી થતા ખુશી જોવા મળી રહી છે.પરંતુ મહીસાગર જિલ્લાના ભાજપ સંગઠનમાં ખાઈબદેલા અને મનમાની કરતા હોદ્દેદારો ના લીધે હજુ સુધી આ અંગે નિર્ણયો ના લેવાતા કાર્યકર્તાઓમાં નારાજગી જોવા મળે છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષે એક વ્યકિત એક હોદા અંગે ભાજપના મંડળોને સૂચના આપી છે.પાલિકા અને સંગઠનમાં બે જગ્યાએ હોદાઓ ધરાવતાં હોઇ તેમણે એક જગ્યાએ રાજીનામુ આપવા અંગે તાકીદ કરી છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષના આદેશનો અમલને લઈ મહીસાગર જિલ્લામાં ભાજપમાં આ પ્રક્રિયાનો અમલ કરવામાં આવશેની ચર્ચાઓ શરૂ થઈ છે.

જિલ્લામાં તાલુકામાં, પાલિકા અને ભાજપ સંગઠનમાં એમ બંને હોદાઓ વાળા નેતાઓએ રાજીનામુ આપવું પડશે. આ નવી ગાઈડલાઈનના કારણે હોદાથી વંચિત રહેલા કાર્યકરોને ન્યાય મળશે. લુણાવાડા નગરમાં નગર પ્રમુખ સહિત અનેક હોદ્દેદારો બે હોદ્દા કે પરિવારમાં બે હોદ્દા ધરાવે છે. જિલ્લામાં અનેક બે હોદ્દા ધરાવતા હોદ્દેદારોના નામની ચર્ચા થઈ રહી છે આમ હવે ભાજપને બે હોદા ધરાવતાં નેતાઓ પાસેથી સત્તા ઓછી કરવાનો નિર્ણય લેતાં નારાજગી ધરાવતાં કાર્યકરોને લાભ થશે એવું માનવામાં આવે છે. એક જ પરિવારમાં અને એક જ વ્યક્તિ બે હોદ્દા ધરાવતા કેટલાક નેતાઓને કમને પણ સત્તાકાપ આવી રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. તો સક્ષમ કાર્યકરો માટે તક ક્યારે ઊભી થશે તેવો સૂર ઉઠી રહ્યો છે. મહીસાગર જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખએ જણાવ્યું કે, આ અંગે ચર્ચા ચાલુ જ છે ટૂંક સમયમાં જ નિર્ણય લેવામાં આવશે.

## અમદાવાદમાં યોજાનાર ફલાવર શો, શું ત્રીજી લહેર નો ખતરો બનશે

અમદાવાદ,

એક બાજુ કોરોના નો ખતરો ટળ્યો નથી ત્યારે બીજી બાજુ ઓમીક્રોન દહેશત દસ્તક કરી રહી છે જ્યારે સૌથી વધારે કેસ અમદાવાદ ની અંદર નોંધાઈ રહ્યા છે ત્યારે સૌથી મોટો ચિંતાજનક વિષય અમદાવાદ મહાનગરપાલિકા માટે બની શકે છે કારણ કે દર વર્ષે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ફલાવર શો નું આયોજન રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવતું હોય છે સાથેજ કાઈટ ફેસ્ટિવલ પણ અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવતો હોય છે .

જેમાં વિદેશમાંથી તમામ કાઈટ ફલાયર્સ આવતા હોય છે ત્યારે આ વર્ષે અમદાવાદ મહાનગરપાલિકા નું આયોજન કરવા જઈ રહી છે ત્યારે સવાલ એ જ થઈ રહ્યો છે કે અમદાવાદ મહાનગર પાલિકાના સત્તાધીશોને જાણે અમદાવાદ વાસીઓ ની કોઈપણ પડી જ ન હોય તે પ્રમાણે ફલાવર શોનું આયોજન કરવા જઈ રહી છે ઉલ્લેખનીય છે કે દર વર્ષે ફલાવર શો ની અંદર એન્ટ્રી ટિકિટ રાખવામાં આવી હોય છે જેમાં ચાલુ દિવસે લગભગ ૫૦૦૦ જેટલા લોકો રોજના અને શનિ-રવિના લગભગ દસ હજારથી વધારે લોકો મુલાકાત લેતા હોય છે.

ત્યારે આ વર્ષે ફલાવર શોનું આયોજન ક્યાંક અમદાવાદીઓ માટે ઘાતક ન બને તો નવાઈ નહીં ત્યારે બીજી બાજુ કોર્પોરેશનના અધિકારીઓ ત્રીજી લહેરને અટકાવવા માટેના પગલાં હાથ ધારી રહ્યા છે પરંતુ આ વર્ષે યોજાનાર ફલાવર શો ક્યાંકને ક્યાંક કોર્પોરેશનની લાલચ દેખાડી રહ્યું છે કે તેમને અમદાવાદીઓ કરતાં કોર્પોરેશનની તિજોરીમાં આવક થાય તેમાં જ રસ છે એક તરફ આજથી નદી મહોત્સવ નો પ્રારંભ રિવરફ્રન્ટ ખાતે યોજાવા જઈ આવો છે જેમાં અલગ અલગ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે ત્યારે આવનારા દિવસમાં આ ફલાવર શો ક્યાંક અમદાવાદીઓ માટે ત્રીજી લહેર ને આમંત્રણ આપે તો નવાઈ નહીં.

## સંતરામપુરના નાનસલાઈ આમલીયાત ગૃપ ગ્રામ પંચાયતમાં ચુંટાયેલા મહિલા સભ્યએ બાળકો અંગેની ખોટું સોગંદનામું કરતાં ચુંટણી અધિકારીને રજુઆત

સંતરામપુર,

સંતરામપુર તાલુકાની આમલીયાત ગ્રુપ ગ્રામ પંચાયતમાં સભ્ય ખોટું સોગંદનામું કરીને ચૂંટણી લડતા સ્થાનિક રહીશે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી. સંતરામપુર તાલુકાના આમલીયાત ગ્રુપ ગ્રામ પંચાયત વોર્ડ નંબર ત્રણમાં બારીયા રેખાબેન રાજેશભાઈ ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ તેમના પુત્ર ચાર હોવા છતાંય સોગંદનામુમાં ખોટું સોગંદનામુ કરાવીને સરકારી તંત્રોને ગેરમાર્ગે દોરાયેલા હતા. તેમના ચાર પુત્ર બારીયા કિંજલબેન રાજેશભાઈ જન્મ તારીખ ૯/૫/ ૨૦૧૪, બારીયા રાજલબેન રાજેશભાઈ ૭/૭/૨૦૧૬, બારીયા કાજલબેન રાજેશભાઈ જન્મ તારીખ ૧/૮/૨૦૧૮, બારીયા રાજદીપ ભાઈ રાજેશભાઈ જન્મ તારીખ ૬/૭/૨૦૨૦ આ રીતે ચાર હોવા છતાંય ચૂંટણી લડવા માટે ખોટી પુરાવા ઊભા કરીને ચૂંટણી લડેલા હતા. આ અંગે બારીયા રણછોડભાઈ લક્ષ્મણભાઈ ઉચ્ચકક્ષા સુધી સરકારી તંત્રની લેખિતમાં જાણ કરી હતી. ચાર પુત્રોના અભ્યાસ માટેના લેખિતમાં આંગણવાડીના પુરાવા અને હાજરી પત્રક રજુ કરેલું હતું. ખોટા પુરાવા ઊભા કરીને ચૂંટણી અધિકારી અને સરકારી તંત્રને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરી હતી. વોર્ડ નંબર ૩ જીતેલા સભ્ય ચાર સંતાનો હોવા છતાંય ચૂંટણી લડી રહ્યા હતા. આ અંગે બારીયા રણછોડભાઈ લક્ષ્મણભાઈ એ તપાસ માટે કક્ષાએ રજૂઆત કરી હતી.

**મહિલા સભ્યને ચાર બાળકો હોવા છતાં સોગંદનામું છુપાવ્યું**

## દિલ્હી પોલીસના એક્શનથી ડોક્ટરોમાં ભારે રોષ, ૨૯ ડિસેમ્બરે દેશભરમાં હડતાળ

નવીદિલ્હી,

નીટ પીજી કાઉન્સેલિંગમાં વિલંબ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહેલા રેઝિડેંટ ડોક્ટરો વિરુદ્ધ દિલ્હી પોલીસે મોટી કાર્યવાહી કરી છે. તેના વિરોધમાં ડોક્ટરોએ ૨૯ ડિસેમ્બરે દેશભરમાં સ્વાસ્થ્ય સેવાઓ ઠપ્પ કરવાનું એલાન કર્યુ છે. સોમવારે સાંજે ડોક્ટરોએ તમામ સ્વાસ્થ્ય સેવાઓ બંધ કરવાની ઘોષણા કરી છે. ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશને એક નિવેદન દ્વારા કહ્યુ કે ડોક્ટરો વિરુદ્ધ પોલીસ દ્વારા ક્રૂર બળના વિરોધમાં ૨૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સવારે ૮ વાગ્યાથી દેશભરમાં તમામ સ્વાસ્થ્ય સેવાઓને સંપૂર્ણ રીતે વાપસીનું આહ્વાન કરવામાં આવ્યું છે. ૨૭ ડિસેમ્બરે દિલ્હી પોલીસે કેટલાક હડતાળ કરનાર ડોકટરોની અટકાયત કરી હતી. આ પછી ડોક્ટરોએ સરોજિની નગર પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધ્યો હતો. ત્યારથી પોલીસ અને ડોક્ટર આમને-સામને છે. ડોક્ટરોની માંગ છે કે પોલીસ તેમના કૃત્ય માટે માફી માંગે. જ્યારે દિલ્હી પોલીસની દલીલ છે કે ડોક્ટરો સાથે મારપીટ થઈ નથી.

છેલ્લા ૧૧ દિવસથી રેસિડેન્ટ ડોક્ટરો વિરોધ કરી રહ્યા છે. નીટ પીજી કાઉન્સેલિંગનો મામલો સુપ્રીમ કોર્ટમાં છે. ૨૭ ડિસેમ્બરે ડોક્ટરોએ સુપ્રીમ કોર્ટનો ઘેરાવ કરવા માટે પદયાત્રા કાઢી હતી. પરંતુ પોલીસે તેમને પહેલા જ અટકાવી દીધા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ દરમિયાન પોલીસ અને ડોક્ટરો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

ડોક્ટરોએ દાવો કર્યો છે કે પોલીસે ૨૫૦૦ જેટલા ડોક્ટરોની અટકાયત કરી છે. આનાથી નારાજ થઈને તેણે સફદરગંજ હોસ્પિટલ અને સરોજિની નગર પોલીસ સ્ટેશનથી માર્ચ કાઢી હતી. એમ્સના ડૉક્ટરોએ આ મામલે દિલ્હી પોલીસ કમિશનર અને સ્વાસ્થ્ય મંત્રીને પત્ર લખ્યો છે. તે જ સમયે, પોલીસે જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવા અને પોલીસ કાર્યવાહીમાં અવરોધનો ગુનો નોંધ્યો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં ૬ જાન્યુઆરીએ સુનાવણી થવાની છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ ડોક્ટરોના વિરોધ અને પોલીસ દ્વારા તેમની વિરુદ્ધ બળપ્રયોગ પર ટ્વિટ કર્યુ છે. પોતાના ટ્વીટમાં રાહુલ ગાંધીએ લખ્યું છે કે ફૂલોનો વરસાદ ફક્ત દેખાડા માટે પીઆર હતો, હકીકતમાં તેઓ અન્યાયનો વરસાદ કરી રહ્યા છે. હું કેન્દ્ર સરકારના અત્યાચાર સામે ડોક્ટરોની સાથે છું.

## સંતરામપુર નગરમાં વેપારી મહાજન દ્વારા મામલતદારને આવેદનપત્ર


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં આજરોજ ૧ જાન્યુઆરીથી વેપારીઓ પર જીએસટીનો ટકાવારી ૧૨ ટકા કરતા વ્યાપારીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. આ સંદર્ભમાં વેપારીઓ આજરોજ સંતરામપુર મામલતદારને આવેદનપત્ર આપવામાં આવેલું કે, કાપડના રેડીમેડ વેપારીઓ સંતરામપુર રીટેલ કાપડ તેમજ રેડીમેડ કેન્દ્ર સરકાર કાપડ ઉપર જીએસટી હાલ પાંચ ટકા છે. તેના બદલે ૧૨ ટકા કરતાં વેપારીઓએ ભેગા મળીને સરકાર સામે વિરોધ દર્શાવ્યો હતો. આવેદનપત્ર ભારતના વડાપ્રધાન તથા કેન્દ્રીય નાણામંત્રી અને ગુજરાતના રાજ્યના મુખ્યમંત્રી નાણામંત્રી તેમાં સંતરામપુરના પ્રાંત અધિકારી મામલતદાર textile પર ભાવ વધારાના વિરોધમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. દિવસે દિવસે મોંઘવારી નું પ્રમાણ વધતુ જાય છે. છેલ્લા બે વર્ષ દરમિયાન lockdown ના કારણે ધંધા–રોજગારમાં પણ મોટી અસર જોવા મળી હતી.સંતરામપુર તાલુકાના અંતરિયાળ વિસ્તાર ગ્રામ્ય વિસ્તારના મધ્યમ અને ગરીબ પરિવારો મોંઘી વસ્તુ ખરીદી શકતા નથી આવી કાળઝાળ મોંઘવારીમાં કાપડ ઉપર ટેક્સ વધવાથી ગ્રાહકો મોંઘા ભાવના કાપડ ખરીદી શક્તા નથી અને ધંધા–રોજગારમાં મોટી અસર જોવા મળી છે આ સંદર્ભમાં સંતરામપુર મામલતદારને વેપારી મહાજન દ્વારા આવેદન પત્ર આપવામાં આવેલ હતો.

## હાલોલ પાલિકાના ભ્રષ્ટાચાર મુદ્દે પ્રાદેશિક કમિશનર સમક્ષ સી.ઓ. પાલિકાના સભ્યોની રજુઆત નહિ કરે

હાલોલ,

હાલોલ નગરપાલિકાના ભ્રષ્ટાચારના પગલે સભ્યોને સરખે ભાગે નુકસાનની રકમ ભરવા માટે નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરે નોટિસ આપી હતી. આ કેસની વધુ સુનાવણી આગામી તા.૧૭મી જાન્યુઆરીના રોજ રાખવામાં આવી છે. પાલિકાની તાજેતરમાં મળેલી સભામાં ચીફ ઓફિસર સભ્યો વતી રજુઆત કરશે તેવો ઠરાવ થયો હતો. જો કે હવે ચીફ ઓફિસરે સભ્યોની તરફેણમાં કોઈ રજુઆત નહિ કરે, આ અંગે ખુદ ચીફ ઓફિસરે પ્રાદેશિક કમિશનર કચેરીમાં પત્ર લખી સામાન્ય સભાના ઠરાવની સમીક્ષા કરવા રજુઆત કરી છે. ઉલ્લેખનિય છે કે, અગાઉ નગરપાલિકાની ખાસ સામાન્ય સભા વર્તમાન પ્રમુખ એ આ બાબતનો એજન્ડામાં સમાવેશ કરી બોલાવી હતી જેમા સત્તાધારી પક્ષ દ્વારા એક દરખાસ્ત મુકવામાં આવી હતી. જેમાં જણાવ્યુ હતુ કે,જેમાં પાલિકાના ચીફ ઓફિસરને આ બાબતને તમામ કાર્યવાહી કરાશે. જેનો વિરોધ વિરોધપક્ષે કરી જરૂર પડે હાઈકોર્ટમાં જવાની ચિમકી આપી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર વિરોધપક્ષના નેતાને આ બાબતે લેખિતમાં જાણ કરી કે, પ્રાદેશિક કમિશનરની કચેરીએ જે નોટિસ આપી છે તેનો જવાબ તમામ સભ્યોએ જાતે આપવાનો છે નહિ કે ચીફ ઓફિસરે. પાલિકાએ ઠરાવ પસાર કરેલ છે તે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૪૯ હેઠળ મુખ્ય અધિકારીને સરકાર દ્વારા આપવામાં આવેલી સત્તા અને ફરજો સુસંગત નથી. જેથી નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૫૮ હેઠળ આ ઠરાવની સમીક્ષા કરવાની થાય છે. જેથી આ સંપુર્ણ મામલો પ્રાદેશિક કમિશનરની કચેરીમાં ચીફ ઓફિસર એ ઠરાવની નકલ સાથે મોકલી આપેલ છે. અને યોગ્ય કાર્યવાહી કરવા પ્રાદેશિક કમિશનરની કચેરીને જણાવ્યુ હતુ. કમિશનરની કચેરીમાં આ ઠરાવની સમીક્ષા કરવા માટે મોકલી હોવાનો બનાવ નગરપાલિકાના આજ સુધીના ઈતિહાસમાં પ્રથમ વખત બને છે. આ ઠરાવની વિરુદ્ધ આશ્ચર્ય વચ્ચે સત્તાધારી ભાજપના બે સભ્યો સુભાષ પરમાર(માજી પ્રમુખ)અને તેમના પુત્ર ચિરાગભાઈ પરમારે આ દરખાસ્તમાં અસંમતિ દર્શાવી હતી.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : આજનો દિવસ આનંદમાં વિતાવશો, ગુમાવેલા અવસર પાછા મળશે, નોકરીમાં સારા અધીકાર મળશે, વ્યવસાયમાં ધનલાભથી ઉત્સાહ વધશે.

વૃષભ (બ.વ.ઉ.) ,ધ્યેયપ્રાપ્તિમાં સફળતા મળશે,સરકારી કામમાં અનુકુળતા રહેશે,ભૌતિક સુખ સુવિધામાં વૃદ્ધિ થશે,વ્યવસાયમાં ઉત્તમ ધનલાભ થશે.

મિથુન (ક.છ.ઘ.) : અંગત કાર્યોમાં સાવધાની રાખવી,કામમાં મહેનત વધારે કરવી પડશે,ધન બાબતે પરેશાની જણાશે,વ્યવસાયમાં મધ્યમ ફળ મળશે.

કર્ક (ડ.હ.) : ટેન્શનવાળા કાર્યોથી દુર રહેવુ, ખાવાપીવામાં કાળજી રાખવી, વડીલ વર્ગથી તકલીફ જણાશે, ખર્ચનું પ્રમાણ અધિક જણાશે.

સિંહ (મ.ટ.) : પરિવારમાં પ્રીતિ જળવાશે, મનપસંદ કાર્યોમાં રુચિ વધશે, આર્થિક સુખ સારુ મળશે, કામકાજમાં પ્રગતિ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધારેલા કામમા સફળતા મળશે, વિરોધપક્ષથી વિજય મેળવશો, નિતી રિતીથી કામ કરશો લાભ થશે, કાર્યોમાં પ્રગતિ ઉત્તમ જણાશે.

તુલા (ર.ત.) : ફળ મેળવવા મહેનત વધારે કરવી પડશે, સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે, સંપત્તિની બાબતે ઓછુ સુખ જણાશે, લેવડ દેવડમાં સામાન્ય મુશ્કેલી રહેશે.

વૃશ્ચિક (ન.ય.) : પરેશાની કામને બગાડશે, અકારણ ખર્ચાઓ સંભાળીને કરવા, ધારેલા કાર્યોમાં રુકાવટ જણાશે,મહેનતના પ્રમાણમાં ફળ ઓછુ મળે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : ચનાત્મક કાર્યોમાં સફળતા મળશે, રોજગારી માટેના પ્રયત્નો સફળ બનશે, આર્થિક બાબતોમાં વિકાસ થશે, સામાજીક માન પ્રતિષ્ઠા વધશે.

મકર (ખ.જ.) : રોગ, ઋણ અને વિવાદમાં સાવધાની રાખવી, નોકરીયાત વર્ગને સામાન્ય સંઘર્ષ જણાશે, સંતાનના કાર્યોમાં સફળતા મળે, ધંધાકિય બાબતોમાં મધ્યમ ફળ મળશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : મનપસંદ કામમાં સફળતા મળશે, આપની ભાવનાઓની કદર થશે, પદોન્નતિ માટે નવી તકો મળશે, ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ.) : સાવચેતીથી કામ કરવુ, અચાનક ખર્ચથી પરેશાની વધશે, નોકરીમાં થોડી પરેશાની જણાશે, ધંધામાં મધ્યમ લાભ થશે.

# જે આરામને પસંદ કરે છે તે પાછળ રહી જાય છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ ડિસેમ્બરે કાનપુર મેટ્રો રેલ પ્રોજેક્ટના પૂર્ણ ભાગ અને બીના-પનકી મલ્ટિપ્રોડક્ટ પાઈપલાઈન પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી કાનપુરના ૫૪માં દીક્ષાંત સમારોહને સંબોધિત કર્યો છે.

વડાપ્રધાને કહ્યું, ’જે વિદ્યાર્થીઓને આજે સન્માન મળ્યું છે તેમને ખૂબ ખૂબ અભિનંદન. આજે તમે જ્યાં પહોંચ્યા છો, તમે જે લાયકાત હાંસલ કરી છે, ત્યાં તમારા માતા-પિતા, તમારા પરિવારના સભ્યો અને તમારા શિક્ષકો જેવા ઘણા લોકો હશે.પીએમ મોદીએ કહ્યું કે, ‘તમે કમ્ફર્ટ અને ચેલેન્જમાંથી ચેલેન્જને પસંદ કરો કારણકે, જે આરામને પસંદ કરે છે તે પાછળ રહી જાય છે. તમારે એવી વ્યકિત બનવાનું છે જે મુશ્કેલીઓને પસંદ કરીને તેનો ઉકેલ લાવે છે. તમે સતત ઈનોવેશનમાં લાગ્યા રહો છો. આ વચ્ચે મારો તમારા સૌને આગ્રહ છે કે, ટેક્નોલોજીની દુનિયામાં રહો પણ હ્યુમન વેલ્યુને ક્યારેય ન ભૂલજો. પોતાનું રોબોટ વર્ઝન ન બનજો. જિજ્ઞાસાવૃતિને જાળવી રાખજો. હ્યુમન ઈન્ટેલિજન્સને પણ યાદ રાખજો. લોકો સાથે પોતાનું કનેક્શન જાળવી રાખજો. લોકો સાથેનું જોડાણ તમારા વ્યક્તિત્વની તાકાત વધારશે. એવું ન થાય કે જ્યારે લાગણી દેખાડવાનો સમય આવે તો દિમાગ એચટીટીપી ૪૦૪, પેજ નોટ ફાઉન્ડ દેખાડે.

પીએમએ વિદ્યાર્થીઓને કહ્યું, આઝાદી બાદ દેશ ઘણો સમય ગુમાવી ચૂક્યો છે, બે પેઢીઓ નીકળી ગઈ, હવે આપણે એક ક્ષણ પણ ગુમાવવાની નથી. તમને મારી વાતોમાં અધીરતા દેખાતી હશે પણ હું ઈચ્છું છું કે તમે પણ આવા જ અધીર બનો અને પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરો. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે જો આપણે આત્મનિર્ભર નહીં હોઈએ તો આપણું લક્ષ્ય કઈ રીતે પૂરું થશે, દેશ પોતાની ડેસ્ટિની સુધી કઈ રીતે પહોંચશે. તેમણે ઉમેર્યું કે, મારો ભરોસો છે કે તમે આવું કરી શકો છો. તમારે જ કરવાનું છે, તમે જ કરશો, આ અનંત શક્યતાઓ તમારા માટે છે.હ્ર‘તમે એ સારી રીતે જાણો છો કે પાછલા વર્ષોમાં કઈ રીતે દેશને આત્મનિર્ભર બનાવવા માટે દેશે એવું કામ કર્યુ છે જેથી તમારું કાર્ય સરળ બને. દેશ યુવાનો માટે તમામ યોજનાઓના માધ્યમથી માર્ગ બનાવી રહ્યો છે. ઈઝ ઓગ ડુઈંગ બિઝનેસને સુધારવામાં આવી રહ્યો છે. આજે આપણી પાસે ૭૫થી વધુ યુનિકોર્ન્સ છે, ૫૦ હજારથી વધુ સ્ટાર્ટઅપ છે. આજે ભારત સ્ટાર્ટઅપ હબ તરીકે ઉભર્યું છે. તાજેતરની રિપોર્ટ મુજબ ભારત વિશ્વમાં ત્રીજા નંબરનું યુનિકોર્ન બન્યું છે. જે આઈઆઈટીની પ્રતિભાને ઓળખે છે, તે જાણે છે કે તેઓ કંઈ પણ કરી બતાવશે. હું ખાતરી આપું છું કે સરકાર બધી રીતે તમારી સાથે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું કે સરળતા માટે શોર્ટકટ ઘણા લોકો બતાવશે. શોર્ટકટ પસંદ ન કરો, પડકાર પસંદ કરો. જીવનમાં મુશ્કેલીઓ આવશે, જેઓ તેનાથી ભાગી જાય છે, તેઓ આગળ વધી શકતા નથી. પરંતુ ધ્યાનમાં રાખો કે મુશ્કેલીઓના કારણે ભાગશો નહીં. તમે જ્યાં જશો ત્યાં કંઈક નવું કરશો. સરકાર ડગલેને પગલે તમારી સાથે છે.મોદીએ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી હતી. આ પ્રસંગે મોદીએ કહ્યું કે આઈઆઈટીના વિદ્યાર્થીઓ જ્યાં પણ જશે ત્યાં કંઈક નવું કરશે. કાનપુર વિવિધતાઓનું શહેર છે. મોદાએ વધુમાં કહ્યુ કે તમે આઈઆઈટી કાનપુરમાં પ્રવેશ લીધો હતો અને હવે જ્યારે તમે અહીંથી જઈ રહ્યા છો, ત્યારે અને હવે તમે તમારામાં ખૂબ જ મોટો બદલાવ અનુભવતા હોવ.

આજથી શરૂ થયેલી યાત્રામાં ઘણા લોકો તમને સરળતા માટે શોર્ટકટ અપનાવવાનું કહેશે, પણ મારી સલાહ એ છે કે તમે આરામ પસંદ ન કરો, પડકારને પસંદ કરો. કારણ કે તમે ઈચ્છો કે ન ઈચ્છો, જો કે, જીવનમાં પડકારો આવવાના જ છે. જેઓ તેમનાથી ભાગી જાય છે તેઓ શિકાર બની જાય છે. મોદીએ વિદ્યાર્થીઓને પડકારોનો સામનો કરવાની શીખ આપી હતી. મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું, ’તમે સતત ઈનોવેશનમાં વ્યસ્ત રહો છો. આ બધાની વચ્ચે, ટેક્નોલોજીની દુનિયામાં રહેતાં માનવીય મૂલ્યને ક્યારેય ભૂલશો નહીં. રોબોટ વર્ઝન ન બની જાઓ. ઈન્ટરનેટ પર જરુરથી કામ કરો, પરંતુ ઈમોશનને ક્યારેય ભૂલશો નહીં. લોકો સાથે તમારું જોડાણ જાળવી રાખો. લોકો સાથે જોડાવાથી તમારા વ્યક્તિત્વની શક્તિમાં વધારો થશે.

# ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં બેફામ બનેલા ખાનગી વાહનચાલકો : RTO દ્વારા વાહન ચેકિંગની માંગ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં ખાનગી વાહન ચાલકો બેફામ બનતા જાય છે અને વાહનચાલકોને પોલીસ કે આરટીઓના કોઈ નિયમો નડતા ન હોય તેમ વાહનચાલકો બેફિકરાઈથી પોતાના કબજાના વાહનો હંકારતા પંથકમાં દિન-પ્રતિદિન નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. જોકે પંથકમાં ૯૦% વાહનચાલકો પાસે વાહન ચલાવવા માટેના લાયસન્સ હોતા નથી. તેમ છતાં આવા વાહનચાલકોને ઉની આંચ આવતી નથી. જ્યારે સ્થાનિક પોલીસ દ્વારા અમુક સમયે દેખાવ ખાતર વાહન ચેકિંગ હાથ ધરવામાં આવે છે. તેમાં જે લોકો પકડાય છે તેમાં મોટાભાગના કહેવાથી ઓળખાણ ધરાવતા લોકો પોતાના વાહન કોઈ પણ કાર્યવાહી કર્યા વિના પોલીસ સ્ટેશનમાંથી જ લઈ જતા હોય છે અને ગણ્યા-ગાંઠ્યા લોકો સામે કોર્ટ અથવા આર.ટી.ઓનો મેમો આપવામાં આવતો હોય છે. જે લોકોને મેંમાની ઊંચી રકમ ભરવી પડતી હોય છે, તેઓમાં વાહન ચલાવવામાં સુધાર જણાતો હોય, પરંતુ જે લોકો બારોબાર ગાડીઓ છોડાવી લઈ જતા હોય છે. તેઓ વધુ બેફામ બનતા જાય તેમાં કોઈ બેમત નથી અને તેવા લોકો પોતાની તો ઠીક પરંતુ સામેવાળા વાહનચાલક કે રાહદારીની પરવા કર્યા વિના વાહનો હંકારતા હોય છે.જેના લીધે સુખસર પંથકમાં વાહન અકસ્માતો વધતા જાય છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

સુખસર પંથકના ગ્રામ્ય વિસ્તારો તરફ જતા નાના-મોટા રસ્તાઓ ઉપરથી વર્ષોથી એસ.ટી બસોએ વિદાય લઈ લીધી છે. ત્યારે ખાનગી અને ખાસ કરીને લોડીંગ વાહનોએ મુસાફરોને વહન કરવા પકડ જમાવી લીધી છે અને આવા ખાનગી લોડીંગ વાહનોમાં ઘેટા-બકરાંની માફક મુસાફરો ભરી વહન કરવામાં આવી રહ્યાં છે. ત્યારે આવા વાહનોને જ્યારે અકસ્માત સર્જાય છે. ત્યારે મોટી જાનહાનિ થવાનો ભય પણ ઉભો થાય છે. તેવી જ રીતે ગત રોજ સોમવારના સાડા પાંચેક વાગ્યાના અરસામાં મુસાફરો ભરી સુખસર થી હિંગલા જતો ટાટા એ.સી.ઈ રેકડા ચાલકની બેદરકારીથી મકવાણાના વરૂણા વળાંકમાં પલટી મારતાં શાળા માંથી છૂટી પરત ઘરે જતી એક વિદ્યાર્થીની સહિત બે અન્ય વિદ્યાર્થીઓને હાથે-પગે તથા માથામાં ઈજાઓ પહોંચવા પામી હતી. જેમાં વિદ્યાર્થીને માથા સહિત ડાબા હાથે ગંભીર ઈજા થઈ હતી. જેઓને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સુખસર સરકારી દવાખાનામાં લાવવામાં આવ્યા હતા. જ્યાંથી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ તપાસ તથા સારવાર માટે અન્ય દવાખાનામાં રીફર કરવામાં આવ્યા હતાનું પણ જાણવા મળે છે.જ્યારે રેકડા ચાલક તેના કબજાના રેકડાને પલટી મારી ભાગી છૂટ્યો હતો.

અહીંયા એ પણ નોંધનીય બાબત છે કે,સુખસર ગામમાં દિવસે હજારો લોકોની અવર-જવર રહે છે. તેમ છતાં ખાનગી ટુ-ફોર વ્હીલર વાહન ચાલકો પોતાના કબજાના વાહનોને બેફામ દોડાવતા નજરે પડે છે અને સુખસર ગામમાં અનેક વાર નાના-મોટા અકસ્માતો પણ સર્જાય ચૂકેલા છે. તેમ છતાં આવા વાહન ચાલકોને કોઈ સબક શિખવાડવામાં આવતો હોય તેમ જણાતું નથી.

જ્યારે થોડા સમયથી સુખસર સુકીનદી,બસ સ્ટેશનથી લઈ આસપુર ચોકડી સુધી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ રહેલ છે. જેથી વાહન ચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી રહ્યા છે. જોકે સુખસર બસ સ્ટેશન આજુબાજુ તથા સામેની જગ્યામાં ખાનગી વાહનોનો ખડકલો જમાવી દેવામાં આવે છે. સાથે-સાથે જ્યાં એસ.ટી બસો ઉભી રાખવાની તથા મુસાફરોને રાહ જોવા માટેની જગ્યા ઉપર શાકભાજીની લારી વાળાઓ અડ્ડો જમાવી દેતા હોય મુસાફરને ઉભું રહેવા અને એસ.ટી બસને થોભાવવા માટેની પણ જગ્યા મળતી નથી. જો આ વિસ્તારમાં અકસ્માત સર્જાયો હતો મોટી જાનહાનિ થવા નો પૂરેપૂરો ભય ઉભો થવા પામેલ છે. પરંતુ ગેરકાયદેસર દિવસ દરમિયાન આ જગ્યા ઉપર બેન લગાવતા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવી પણ જરૂરી જણાય છે.પરંતુ બસ સ્ટેશન ઉપર ખાનગી ટુ-ફોર વ્હીલર વાહનો અને હાથલારી લઈને ઊભા રહી જતા શાકભાજીની લારીઓ વાળાઓને હટાવવા કોઈ પાસે સત્તા ન હોય તેવું જણાઈ રહ્યું છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, સુખસર સહિત પંથકમાં દોડતા ખાનગી ટુ-ફોર વ્હીલર વાહન ચાલકો દ્વારા થતા અકસ્માતો ઘટાડવા માટે આર.ટી.ઓ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરી કસૂરવાર વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી જનતાની માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

# ઝાલોદ ખાતે આવેલ પ્રા.શાળામાં છેલ્લા બે વર્ષથી જર્જરીત શાળા સંચાલકો શિક્ષક અને વાલીઓએ રેલી યોજી રજુઆત કરી

ઝાલોદ,

દાહોદ તાલુકામાં ઝાલોદ રોડ ખાતે આવેલ ઝાલોદ રોડ પ્રાથમીક શાળા છેલ્લા બે વર્ષથી જર્જરતી હાલતમાં પડેલી છે. જે મામલે આજરોજ શાળાના સંચાલકો, શક્ષિકો સહિત શાળામાં અભ્યાસ કરતાં બાળકો તેમજ તેમના વાલીઓ રેલી સ્વરૂપે દાહોદ તાલુકા વિકાસ અધિકારી પાસે રજુઆત કરવા પહોંચ્યા હતા. જ્યા આમ આદમ પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીના આગેવાનો સામસામે આવી જતાં બોલાચાલીના દ્રશ્યો પણ સર્જાયાં હતાં.



દાહોદ શહેરમાં અમૃતવાણી સોસાયટીમાં છેલ્લા ૮૬ વર્ષથી ચાલતી ઝાલોદ રોડ પ્રાથમિક શાળાની શરૂઆત ૨૧.૧૧.૧૯૩૭ માં થઈ હતી. આ શાળામાં ગુજરાતી માધ્યમ હોવાથી દાહોદ શહેરના ગરીબ મજુર વાલ્મિકી સમાજ સહિતના દરિદ્ર નારાયણ કહેવાતા લોકોના ૭૦૦ બાળકો અભ્યાસ કરે છે. છેલ્લા ૮૬ વર્ષથી ચાલતી આ પ્રાથમિક શાળાની બિલ્ડીંગ જૂની થતા જર્જરિત અવસ્થામાં પહોંચી હતી. શાળાની અંદરના વર્ગખંડના ઓરડાના છતના પોપડા ખરવા લાગતા અકસ્માત સર્જાવાની આશંકાને લઇ શાળા સંચાલકો દ્વારા નવીન બિલ્ડિંગ બનાવવા માટે સરકારમાં રજૂઆત કરી હતી. આ સમયગાળામાં એક વખત પોપડા ખરતા એક શિક્ષક ઈજાગ્રસ્ત બન્યા હતા.ત્યારે આ મામલે શાળા સંચાલકો દ્વારા ડીપીઓ કચેરીએ જાણ કરી હતી જોકે તે સમયે નવીન શાળાની મંજૂરી આવી જતાં શાળા સંચાલકોએ રાહતનો દમ લીધો હતો. જોકે, જૂની બિલ્ડીંગ તોડી નવી બિલ્ડીંગ બનાવવાની હોઈ સરકારમાંથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે પ્રાથમિક શાળાના અન્ય સ્થળે ખસેડવા માટે નિર્દેશ મળતા શાળા સંચાલકો બે વર્ષ અગાઉ આ શાળાને દાહોદ શહેરના નવજીવન મીલ ખાતે આવેલી આશા કિરણ સ્કૂલમાં ૧૦૦૦૦ રૂપિયાના ભાડા પેટે શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ સરકારમાંથી નવીન બિલ્ડીંગ બનાવવાનો મામલો કોઈક કારણોસર ઘોંચમાં પડયો હતો. અને ત્યાં સુધી ન બિલ્ડીંગ બનેને ત્યાં સુધી જૂની બિલ્ડિંગમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવતા શાળા સંચાલકો પણ અવઢવમાં મુકાઈ ગયાં હતાં ત્યારબાદ છેલ્લા બે વર્ષથી ભાડાના મકાનમાં ચાલતી આ શાળા નિયમિત રીતે ચાલતી હોય તેમ જ વિદ્યાર્થીઓનું ભાવિ ન બગડે તે માટે શાળા સંચાલકોના શિક્ષકો દ્વારા ફાળો કરી શાળાના મકાનનો ભાડું ચૂકવી રહ્યાં હતાં. આ સમગ્ર મામલે શાળા સંચાલકો, શિક્ષકો દ્વારા આજરોજ તાલુકા વિકાસ અધિકારીની કચેરી ખાતે રજુઆત કરવા પહોંચ્યાં હતા, જ્યાં આમ આદમી પાર્ટ અને કોંગ્રેસ પાર્ટીના આગેવાનો, કાર્યકરો સામ સામે આવી જતાં આક્ષેપો પ્રતિઆક્ષેપો થવા માંડ્યાં હતાં.

# સુશાસન સપ્તાહ અંતર્ગત દાહોદ જિલ્લામાં ખેડૂત કલ્યાણલક્ષી કાર્યક્રમ યોજાયો

દાહોદ,

રાજ્યભરમાં સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તરફથી તમામ જિલ્લામાં કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે કૃષિ સંલગ્ન વિભાગની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન સામગ્રી સાથે સહાયનું વિતરણ કરાયું હતું. દાહોદ જિલ્લામાં પણ સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે સુશાસન સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ખેડૂતોને ખેતીવાડી વિભાગ પશુપાલન વિભાગ તેમજ બાગાયત વિભાગ અને આત્મા પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા આ પ્રસંગે જણાવ્યું કે, આદિવાસી ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. દાહોદ જિલ્લામાં પણ વિવિધ યોજનાકીય લાભો થકી ખેડૂતો ઉન્નતિના માર્ગે છે. જિલ્લામાં ખેડૂતો બાગાયત તેમજ પ્રાકૃતિક કૃષિ અપનાવીને સમૃદ્ધ થઈ રહ્યા છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આધુનિક પદ્ધતિથી ખેતી કરવાથી જિલ્લાના ખેડૂતોની આવક બમણી થઈ રહી છે.

તેમણે ઉમેર્યું કે દાહોદ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં ખેડૂતો ઝડપથી, પારદર્શકતા સાથે લાભ મેળવી રહ્યાં છે. જિલ્લામાં ખેડૂતોને મળેલા યોજનાકીય લાભોની વિગતો જોઈએ તો મુખ્યમંત્રી પાકસ્ટ્રક્ચર યોજનામાં ૨૫૩ ખેડૂતોને રૂ. ૭૫.૯૦લાખની સહાય મળી છે. મુખ્યમંત્રી માલ પરિવહન યોજનામાં ૧૦૭ ખેડૂતોને રૂ.૭૭.૭૫ લાખની સહાય મળી છે. જયારે પ્રાકૃતિક ખેતી માટે ગાય નિભાવ સહાય માટે ૩૬૫૦ ખેડૂતોને રૂ ૩.૮૫ કરોડની સહાય મળી છે.

પ્રાકૃતિક ખેતી માટે જીવામૃત બનાવવા કીટ ખરીદી માં ૩૪૫ ખેડૂતોને ૪.૬૬ લાખની સહાય અપાઈ છે. છત્રી પુરી પાડવાની યોજનામાં ૨૧૮૮ ખેડૂતોને ૨૯.૮૪ લાખની સહાય મળી છે. આ ઉપરાંત જિલ્લામાં ખેડૂતોને વિવિધ યોજનાકીય સહાય સરળતાથી મળી રહે તે માટેનું સુચારૂં આયોજન વહીવટી તંત્ર દ્વારા કરાયુ છે.

કાર્યક્રમમાં ત્રણ ખેડૂતોને ટ્રેક્ટર સહાય પેટે રૂપિયા ૪૫ હજારનો પેમેન્ટ ઓર્ડર આપવામાં આવ્યો હતો. તેમજ ત્રણ ખેડૂતોને રૂપિયા ૪૦ હજાર પાવર થ્રેસર માટે મંજૂરી પત્ર આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત બે ખેડૂતોને શ્રેષ્ઠ પશુપાલક તરીકેનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ રૂપિયા૧૫ હજાર તેમજ રૂ.૧૦ હજાર આપવામાં આવ્યા હતા. તેમજ એક ખેડૂતને ગાભણ પશુ ખાણ દાણ તરીકે રૂપિયા ૪,૬૫૦ની કીટ આપવામાં આવી હતી. જિલ્લાના પાંચ લાભાર્થીઓને વિના મૂલ્યે છત્રીનું વિતરણ કરાયું હતું. તેમજ ચાર ખેડૂતોને ગાય નિભાવ ખર્ચ યોજના અંતર્ગત રૂ. ૫૪૦૦ અપાયા હતા. તેમજ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પશુપાલકને રૂ. ૨૫ હજારનો ચેક આપી સન્માનિત કરાયા હતા.

આ વેળા કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, જિલ્લા ખેતીવાડી અધિકારી સુથાર સહિતના અધિકારીઓ તેમજ અગ્રણી પર્વતસિંહ ડામોર, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સહિતના જનપ્રતિનિધિઓ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદમાં કડકડતી ઠંડીમાં વૈજનાથ મંદિરના કલેકશન સેન્ટરમાં વસ્ત્રદાન માટે જાગૃત નાગરિક દ્વારા અપીલ

દાહોદ,

શિયાળો શરૂ થઈ ગયો છે અને હાડ થીજાવતી કડકડતી ઠંડી પડી રહી છે. ત્યારે અનેક લોકો માટે આ શિયાળો સંકટથી ઓછો નથી. ત્યારે વસ્ત્રદાન અભિયાન માટે દાહોદમાં જરૂરિયાતમંદો માટે શહેરના સ્ટેશન રોડના સુપ્રસિધ્ધ વૈજનાથ મહાદેવ મંદિર પર તારીખ ૨૯ ડિસેમ્બર થી ગરમ કપડાં તથા જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે શાંતિ સદન સોસાયટીના ચિરાગ કુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા કલેક્શન સેન્ટર બનાવવામાં આવ્યું છે. જેમા આ કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદોને રાહત મળે એ માટે ચિરાગ પંચાલ જણાવે છે કે, ક્લેક્શન સેન્ટર પર તમે તમારા ઘરના જુના ગરમ કપડાં, સાલ, ગોદડી, ધાબળા, હાથનાં તથા પગનાં મોજાં, ટોપી, ચંપલ, બુટ જમા કરાવી શકો છો અને આગ્રહ રાખવામાં આવ્યો છે કે કપડાં કે કોઈ પણ વસ્તુ સારી સ્થિતિમાં હોવા જોઈએ. જેથી તેને મેળવનાર જરૂરિયાતમંદ વ્યક્તિ



રાહતની અસલ ખુશી અનુભવી શકે તથા આ તમામ વસ્તુઓ ચિરાગ પંચાલની ટીમ જરૂરિયાતમંદ સુધી પહોંચાડશે અને આ અંગે વધુ માહિતી માટે ચિરાગ પંચાલને ૯૮૭૯૪૫૦૩૧૫ તથા અંકિત વ્યાસને ૭૯૯૦૯૦૮૩૯૫ પર સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે. કહેવાય છે કે, વસ્ત્રદાન મહાદાન છે અને કોઈકના દ્વારા કોઈકનું સારૂં થાય એના માટે આ વસ્ત્રદાન અભિયાન ચાલુ કરવામાં આવ્યું છે અને માનવતા એ મનુષ્યના હૃદયમાં અસ્તિત્વ ધરાવતી એક સંવેદના જેવા મૂલ્યનો સુક્ષ્મ ભાગ છે.

# દાહોદમાં એક કોરોના પોઝીટીવ કેસ નોંધાયો : દુબઈ થી આવેલ યુવતિ કોરોના પોઝીટીવ

દાહોદ,

દાહોદમાં આજે ફરી કોરોના પોઝિટિવનો એક દર્દી સરકારી ચોપડે નોંધાવા પામ્યો છે. ત્યારે ૧૫ દિવસ પહેલા પણ એક દર્દી નોંધાયો હતો. આજના આ કેસમાં દુબઈથી આવેલ એક યુવતીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પોઝિટિવ આવેલ યુવતીના ઓમીક્રોમના સેમ્પલો પણ ગાંધીનગર ખાતે રવાના કરી દેવામાં આવ્યા છે.

દુબઈથી દાહોદ ખાતે એક તબીબ યુવતી જે દુબઈમાં પ્રેક્ટિસ કરે છે તે યુવતી દાહોદ ખાતે પોતાના ભાઈનો દીકરો એટલે કે, યુવતીના ભત્રીજાના નામકરણના ફંકશનમાં તારીખ ૨૨ ના રોજ દાહોદ આવી હતી. યુવતીને પરત તારીખ ૨૪મીના રોજ દુબઈ ખાતે જવાનું હોય તે પહેલા તેને આરટીસીઆર ટેસ્ટ કરાવ્યો હતો. જેમાં તે કોરોના પોઝિટિવ આવી હતી. પોઝિટિવ આવેલ યુવતીના ઓમીક્રોમ સબંધી સેમ્પલો લઈ આરોગ્યતંત્ર દ્વારા ગાંધીનગર ખાતે સેમ્પલો મોકલી આપ્યા છે. ત્યારે આજના એક પોઝિટિવ કેસને પગલે લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. યુવતીના સંપર્કમાં આવેલ તમામ તેના સ્વજનો સહિત કાર્યક્રમમાં આવેલા લોકોને હોમકવોરેન્ટાઈન દેવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ, દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૪૭ને પાર થયો છે. આજે આરટીપીસીઆરના ૧૩૯૯ પૈકી એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો હતો અને રેપિડ ટેસ્ટના ૨૦૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી માત્ર આરટીપીસીઆરના રિપોર્ટમાંથી દુબઈની યુવતીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

# દાહોદમાં એક જ દિવસમાં કૂતરાં કરડવાના ૨૭ કેસ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના દેસાઈવાડથી દોલતગંજ બજાર, હનુમાન બજારથી હરસોલાવાડ કે ગોધરારોડથી ગોદીરોડ સુધી સર્વ વ્યાપ્ત બનેલી કૂતરાંની સમસ્યા અંતર્ગત આજે ફક્ત દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં જ ૨૭ કેસ નોંધાયા હોવાની માહિતી મળી છે.

દાહોદ શહેરમાં લાંબા સમયથી લગભગ દરેક વિસ્તારોમાં રખડતા કૂતરાની સમસ્યા બેહદ રીતે વકરતા આમેય દાહોદવાસીઓ ત્રસ્ત થઈ ચુક્યા છે. રખડતા કૂતરાઓ પૈકી બહુધા સડેલા હોઈ રાતભર કણસ્યા રહેતા લોકોની ઊંઘ હરામ થઈ જવા પામી છે. રખડતા કૂતરાઓ આવતાજતા વાહનોની દૂરદૂર સુધી પાછળ પડતા અનેક વખત ડરના માર્યા અકસ્માત થવાનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધ્યું છે. વળી, શિયાળાની થરથર ધ્રુજાવતી રાત જયારે જામે છે ત્યારે જ એક શેરીના કૂતરા, બીજી શેરીના કૂતરાઓ સામે રીતસર ભસવાનું યુદ્ધ ચાલે છે.

દાહોદમાં અગાઉના સમયે કૂતરાનો ત્રાસ જયારે વધતો ત્યારે તંત્ર દવારા કૂતરાઓને પેંડામાં મારણની ગોળીઓ આપીને કે જરૂર જણાયે ઝેરી ઈન્જેકશનો કે લોકોને ત્રાસ આપતા કૂતરાઓને મારી નાખવામાં આવતા. બાદમાં અમુક લોકો તરફથી વિરોધનો સુર ઉઠતા આ પ્રથા બંધ થવા પામી હતી. જો કે રખડતા- સતત ભસી લોકોને હેરાન કરતા કૂતરાઓનો ત્રાસ દુર કરવા સ્માર્ટ સિટીના તંત્ર દ્વારા સ્માર્ટ રીતે કોઈ નક્કર પગલા સત્વરે ભરાય તેવી જબરજસ્ત માંગ ઉઠવા પામી છે.

# ફેસબુકમાં યુવતીની ફ્રેન્ડ રીકવેસ્ટ સ્વીકારવી ઝલોદના વેપારીને રૂા. ૪૭ હજારમાં પડી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદના કરિયાણાના એક વેપારીને એક અજાણી યુવતીએ ફેસબુક પર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી વાતચીત કરી તે વેપારીનો વોટસએપ નંબર લઈ તે વેપારીના મોબાઈલ પર વિડીયો કોલ કરી બિભત્સ વિડીયો ઉતારી મિત્રોમાં વિડોયો વાઈરલ કરવાની ચીમકી હજાર ઉપરાંતની માતબર રકમ અન્યના એકાઉન્ટમાં જમા કરાવી છેતરપીંડી કર્યાનું જાણવા મળે છે.

તા.૨૧.૧૨.૨૦૨૧ થી તા.૨૫.૧૨.૨૦૨૧ દરમ્યાન રીયા પાટીલ નામની યુવતીએ તેના મોબાઈલથી ઝાલોદ મુવાડા ખાતે રહેતાં કરીયાણાના વેપારી ૨૪ વર્ષીય પાર્થકુમાર મનોજભાઈ પટેલને ફેસબુક પર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી વાતચીત કરી હતી અને તેઓ વોટ્સએપ નંબર આપી તેનાથી પાર્થકુમાર પટેલના મોબાઈળ નંબર ઉપર વિડીયો કોલ કરીને નગ્ન હાલતમાં થઈ જઈ પાર્થકુમાર પટેલને પણ નગ્ન હાલતમાં થવાનું જણાવેલ અને તેનો વિડીયો પાર્થકુમાર પટેલના ફેસબુક મિત્રોને મોકલવાનું જણાવી પાર્થકુમાર પાસેથી પ્રથમ વખત રૂા. ૭૨૦૦ ની માંગણી કરી હતી પરંતુ પાર્થકુમાર પેટેલે પ્રથમ ૫૦૦૦ અને બીજી વાર રૂા. ૨૨૦૦ તે પછી રૂા. ૧૫૦૦૦ તે પછી રૂા. ૧૦,૦૦૦ અને છેલ્લા રૂા. ૧૫,૦૦૦ એમ કુલ મળી રૂા. ૪૭,૨૦૦ ફોન પે કરી સુનીલ બગેલ નામના વ્યકિતના એકાઉન્ટમાં જમા કરાવ્યાં હતાં. આ ઠગથી પીછો છોડવવા પાર્થકુમાર પટેલે ઝાલોદ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા ભાજપા દ્વારા નવા વર્ષના કાર્યક્રમોના આયોજન પૂર્ણ કરવા કાર્યકરોની ફોજ ઉતારી દીધી

દાહોદ,

દાહોદ જિલ્લા ભારતીય જનતા પક્ષ દ્વારા સંગઠન મજબુત બનાવવાના ભાગ રૂપે મોટા ભાગની નિમણુકો ક્યારનીયે થઈન ચુકી છે. ત્યારે હવે પ્રભારીઓની જાહેરાત કરતાની સાથે જ શીર્ષસ્થ નેતાઓ એકશનમાં આવી ગયા છે. સોમવારે મળેલી બેઠકમાં પ્રશિક્ષણ વર્ગથી માંડીને જાન્યુઆરી માસમાં યોજાનારા તમામ કાર્યક્રમોની રૂપરેખા સાથે સમગ્રલ આયોજન કરી દેવામાં આવ્યુ છે.



આગામી વર્ષે ગુજરાત વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. ત્યારે છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતમાં શાસન કરતી ભારતીય જનતા પાર્ટી આ વખતે મહત્તમ બેઠકો જીતવાનો વિક્રમ પ્રસ્થાપિત કરવા માચે કમર કસી રહી છે. કારણ કે પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે જ ૧૮૨ પ્લસનુ મિશન જાહેર કર્યુ છે. તેના ભાગરૂપે પ્રદેશ નેતાઓ જીલ્લાનો પ્રવાસ કરી રહ્યા છે. મધ્ય ઝોનના મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટે હાલમાં જ દાહોદની મુલાકાત લઈ પેજ સમિતિથી લઈ જિલ્લા કક્ષા સુધીના સંગઠનની સમીક્ષા કરી જરૂરી સૂચનો આપ્યા છે.તેના અનુસંધાને જિલ્લા ભાજપ કાર્યાલાયે જિલ્લા પ્રમુખ શંકરભાઈ આમલીયારના અધ્યક્ષ સ્થાને મહામંત્રીઓ વરેન્દ્ર સોની, સ્નેહલ ધરિયા અને કનૈયાલાલ કિશોરીની ઉપસ્થિતિમાં એક બેઠક મળી હતી.જેમાં તમામ નવનિયુક્ત પ્રભારીઓ અને તમામ મંડલના પ્રમુખો અને મહામંત્રીઓ હાજર રહ્યા હતા.આ બેઠકમાં જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં તમામ મંડલના પ્રશિક્ષણ વર્ગો પૂર્ણ કરી દેવા આયોદન કરી દેવામાં આવ્યુ હતુ. હર ઘર દસ્તક કાર્યક્રમના માદયમથી રસીકરણને વેગવંતુ બનાવવાનો તખ્તો પણ ઘડાઈ ગયો છે.ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મન કી બાતનો કાર્યક્રમ હવે દરેક બુથ પર સાંભળી શકાય તેવુ સુદ્રઢ આયોજન કરી આ કાર્યક્રમના ઈન્ચાર્જ પણ નિયુક્ત કરી દેવામાં આવ્યા છે. સ્વસ્થ બાલક બાલિકા કાર્યક્રમમાં પણ કુપોષિત બાળકોને શોધી કાઢી તેમને કુપોષણમાંથી મુક્ત કરવા તેમજ તંદુર્સત બાળકોને શોધી કાઢી તેમના વાલીઓ એને બાળકોને પુર્સકૃત કરવાનો કાર્યક્રમ પણ ઘડી કાઢવામાં આવ્યો છે. આમ, દાહોદ જિલ્લા ભાજપાની ગાડી હમણાંતી જ ટોપ ગેરમાં ચાલી રહી હૌય તેમ જાણાઈ રહ્યુ છે.જિલ્લા પ્રમુખે સ્પષ્ટ જણાવયુ હતુ કે કોઈ પણ જવાબદારી પુરા ખંતથી નિભાવવી પડશે,પક્ષ કાર્યકરોથી જ મોટો અને મહાન છે પરંતુ કાર્યકરો,જવાબદારોએ પણ તેને ન્યાય આપવો ફરજીયાત છે.

# દાહોદ જીલ્લામાં કમોસમી વરસાદને વાતાવરણમાં ઠંડક : ખેડુતો ચિંતીત

દાહોદ,

આજે વહેલી સવારથી દાહોદ શહેર સહિત જિલ્લામાં કમોસમી વરસાદ તેમજ માવઠું માહોલ જમાવતા વાતાવરણમાં વાતાવરણમાં અસહ્ય ઠંડી પ્રસરી જવા પામી હતી. કમોસમી વરસાદને પગલે ખેડૂત મિત્રોમાં પણ ચિંતાનો માહોલ છવાઈ ગયો હતો.

વહેલી સવારથી જ ગાઢ ધુમ્મસ વચ્ચે દાહોદ શહેર સહિત જિલ્લામાં કમોસમી વરસાદ તેમજ માવઠાએ પોતાનું રૂપ ધારણ કરતાં વરસાદી માહોલ જામ્યો હતો અને જીલ્લાના તાલુકાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. જેને પગલે વાતાવરણમાં અસહ્ય ઠંડીનો ચમકારો વધ્યો હતો. વહેલી સવારથી બપોર સુધી કમોસમી વરસાદ ચાલુ રહ્યો હતો. લોકો કકડતી ઠંડીમાં ઠુઠવાઈ હતા. વહેલી સવારથી બપોર સુધી લોકોએ તાપણાંનો સહારો પણ લેતા જોવા મળ્યા હતા. કમોસમી વરસાદને પગલે ખેતી પાકને પણ નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે. જેને પગલે ખેડૂતોમાં ચિંતાનું માહોલ જોવા મળ્યો હતો. કમોસમી વરસાદને પગલે રસ્તા ઉપર વરસાદી પાણી છવાઈ ગયા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.108

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ભર શિયાળે ચોમાસા જેવી સ્થિતી

# પંચમહાલ જીલ્લામાં વહેલી સવારે કમોસમી વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગોધરા,

હવામાન વિભાગ દ્વારા બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. તે મુજબ વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે જીલ્લામાં કમોસમી વરસાદ શરૂ થયો છે. શિયાળાની સીઝનમાં ચોમાસાના અહેસાસ થઈ રહ્યો છે. કમોસમી વરસાદના પગલે ખેડુતો ચિંતીત બન્યા છે.

હવામાન વિભાગ દ્વારા ૨૮ અને ૨૯ ડીસેમ્બરના રોજ પંચમહાલ, મહિસાગર અને દાહોદ જીલ્લામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે વહેલી સવાર થી વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ શરૂ થયો હતો. જેને



લઈ ભરશિયાળે ચોમાસાનો અહેસાસ થયો. હાલ ખેતરોમાં ઉભા પાક હોય તેવા સમયે કમોસમી વરસાદને લઈ ખેડુતો ચિંતામાં મુકાયા છે. કમોસમી વરસાદ થી શકભાજી, તુવેર, કપાસ, ઘાસચારાને નુકશાન થવાની શકયતાઓ જોવાઈ રહી છે. શિયાળાની સીઝનમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદને લઈ વાતાવરણ ઠંડુગાર થયું છે. લોકો ગરમ વસ્ત્રો અને તાપણાંનો સહારો લેતા જોવા મળ્યા છે.

પંચમહાલ-મહિસાગર જીલ્લામાં દિવાળી બાદ ઈંટોના ભઠ્ઠાઓમાં ઈંટોનું કામકાજ ધીમી ગતિથી શરૂ થયું છે. ત્યારે થોડા દિવસ અગાઉ માવઠું થતાં ઈંટોના ભઠ્ઠા સંચાલકો કાચી ઈંટો મોટી માત્રામાં ન હોવાથી નુકશાન માંથી બચ્યા હતા પરંતુ ૨૮ અને ૨૯ ડીસેમ્બરના રોજ હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદથી આગાહી કરવામાં આવી છે અને વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ શરૂ થતાં ઈંટોના ભઠ્ઠાના સંચાલકો ચિંતામાં મુકાયા છે.

## કમોસમી વરસાદથી ખેતીના પાકો-શાકભાજી અને ઈંટોના ભઠ્ઠાઓમાં નુકશાનની ભીંતિ.

## શહેરામાં કમોસમી વરસાદને લઈ ઈંટોના ભઠ્ઠાના માલિકો સહિત ખેડુતો ચિંતીત

શહેરા,

શહેરામાં ભર શિયાળે કમોસમી વરસાદ થતા ખેડૂત પરિવાર સાથે ઈંટોના ભઠ્ઠાના માલિકો ચિંતિત થઈ ઉઠયા છે. કમોસમી વરસાદના કારણે ઠંડી વધતા બજારમાં લોકોની અવરજવર પર બ્રેક લાગી હતી.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવતા વાતાવરણ વધુ ઠંડુગાર બન્યું હતું. સાથે આકાશ કાળા ડીબાંગ વાદળો થી ઘેરાયું હતું. જ્યારે ફરીથી એક વખત રવિ સીઝનમાં કમોસમી માવઠુ થતા ખેડૂતોના ઘર આંગણે રહેલ ઘાસચારો પલળી જતા ખેડૂત પરિવાર ભારે ચિંતિત થઈ ઉઠયા હતા. જ્યારે ઈંટોના ભઠ્ઠાના માલિકો પણ વરસાદ શરૂ થતા ઈંટો પલળી જતા નુકશાન જવાની શકયતાને લઈને ભારે ચિંતિત થઈ ઉઠયા હતા. હાલ તો જે રીતે કમોસમી વરસાદ થતા ખેડૂતો અને ઈંટોના ભઠ્ઠા માલિકો માટે આફતનો વરસાદ કહીએ તો નવાઈ નહિ. હાલ તો બદલાયેલા વાતાવરણના પગલે ઠંડી વધતા બજારોમાં લોકોની અવરજવર પર બ્રેક લાગી હતી. જ્યારે ઠંડીથી બચવા વહેલી સવારે અને સાંજ પડતાની સાથે લોકોએ તાપણું કરીને ઠંડી ઉડાવતા નજરે પડ્યા હતા.

# ગોધરા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખનાં અધ્યક્ષસ્થાને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગોધરા,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે આજે જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકીનાં અધ્યક્ષસ્થાને સુશાસન સપ્તાહના ચોથા દિવસે કૃષિકલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાભાર્થીઓને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનાં લાભ, મંજૂરી હુકમો, સહાયનાં ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સંબોધતા જિલ્લા પંચાયત પ્રમુખએ જણાવ્યું હતું કે આપણા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ નિમિત્તે સુશાસન સપ્તાહની ઉજવણી હાથ ધરાઈ છે. ભારતીય સમાજ અને રાષ્ટ્રનો આધારસ્તંભ એવા ખેડૂતોનાં વિકાસ વગર સુશાસનની કલ્પના જ ન થઈ શકે અને તેથી જ સરકાર દ્વારા સાત પગલા ખેડૂત કલ્યાણનાં સહિતની બહુવિધ કૃષિ વિષયક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તેમણે સરકાર દ્વારા અપાતી કૃષિ સહાયોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના શાસનમાં ખેડૂતોનું હિત




સર્વોચ્ચ સ્થાને રહેશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સરકાર દ્વારા મળતી સહાય અને પ્રાકૃતિક ખેતીનાં ફાયદા વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, રસાયણોનાં વધુ પડતા ઉપયોગનાં કારણે આપણા જમીન અને અન્નની ગુણવત્તા બગડે છે. ત્યારે પ્રાકૃતિક ખેતી સમયની માંગ છે અને તે ખેડૂતો માટે ઉન્નતિનાં નવા દ્વાર ખોલશે. પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્પાદનમાં વધારો થાય છે. પ્રાકૃતિક ખેતી, હાઈડ્રોપોનિક્સ જેવા નવીન અભિગમ સાથે થતી ખેતી વિશે વાત કરતા તેમણે ખેડૂતોને જરૂર પડ્યે સરકારનાં માર્ગદર્શન પ્રયોગશીલ બનવા સરકારનાં પ્રયાસોને સમર્થન આપવા અને તે રીતે કૃષિનો વિકાસ કરવામાં, આપણી જમીન અને પર્યાવરણનાં સંવર્ધનમાં મદદરૂપ થવા વિનંતી કરી હતી. કાર્યક્રમમાં સંબોધન કરતા ગોધરાનાં ધારાસભ્ય સી.કે.રાઉલજીએ સરકારે ખેતી અને ખેડૂતોનાં વિકાસ માટે લીધેલા શ્રેણીબદ્ધ પગલાઓની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ખેડૂતોની આવક બમણી કરવા કટિબદ્ધ છે અને તે માટે સતત પ્રયાસરત છે. હાલોલ ખાતે પ્રથમ ઓર્ગેનિક યુનિવર્સિટી, જિલ્લા માટે ૩૨૫ કરોડથી વધુની સિંચાઈ યોજનાઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે પંચમહાલ જિલ્લાનાં ખેડૂતો વધુ સમૃદ્ધ બને તે માટે સિંચાઈ સહિતની સુવિધાઓમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રગતીશીલ ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે તેમજ પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓ વિશે, આઈ-ખેડૂત પોર્ટલનાં ઉપયોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત જિલ્લા ખેતીવાડી અધિકારી જે.ડી.ચારેલ દ્વારા અને આભારવિધી નાયબ નિયામક પશુપાલન એન.એ.પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કાલોલનાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, એપીએમસીનાં ચેરમેન સહિત જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતનાં પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ, નાયબ ખેતીવાડી નિયામક એ.આઈ.પઠાણ (તાલીમ), નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ડી.એચ.રબારી સહિતનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલોલના બોડીદ્રા ગ્રામ પંચાયતના સરપંચ ઉમેદવારો ને મતગણતરીનું સાચુ પરીણામ સામે ન્યાય મેળવવા પંચમહાલ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરાઈ

કાલોલ,

પંચમહાલ જિલ્લા વિસ્તાર મા કાલોલ તાલુકાના બોડીદ્રા ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ આજે તમામ ઉમેદવારો અને ગ્રામજનો સાથે ગોધરા કલેક્ટર કચેરી ખાતે પહોંચી ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યુ છે કે, કાલોલ તાલુકાના બોડીદ્રા ગ્રામ પંચાયતની ચૂંટણી તારીખ ૧૯.૧૨.૨૦૨૧ ના રોજ મતદાન થયેલ અને મતગણતરી તારીખ. ૨૧.૧૨.૨૦૨૧ ના રોજ રાખેલ જેમાં સવારે સમય પહેલા પહોંચી ગયા હતા અને તમામ ઉમેદવારો મતગણતરીનું એલાઉન્સ થાય તેવી રાહ જોઈ રહ્યા હતા, પરંતુ તે મત ગણતરી તારીખ. ૨૨.૧૨.૨૦૨૧ ના રોજ સવારે ૩.૦૦ કલાકે શરૂ કરવામા આવેલ પરંતુ તે પહેલા રાજકીય વગ ધરાવનાર એજન્ટ તા.૨૧.૧૨.૨૦૨૧ ના રોજ વહેલા પહોંચી ગયા હતા. રાજકીય વગ ધરાવનાર એજન્ટ તાલુકા પંચાયતના સભ્ય હોવાને કારણે મતગણતરીમાં દખલગીરી ઉભી કરેલ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

હોય તેમ સ્વાભાવિક રીતે જણાઈ આવતા. બોડીદ્રા ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામો મા વિક્ષેપ ઉભો કર્યો હોય તેવી શંકા વ્યક્ત કરતા તમામ ઉમેદવારોએ જણાવેલ કે, ચુંટણી પંચના આયોગના નિયમ મુજબ કોઈપણ રાજકીય નેતા પ્રવેશ કરી શકતા નથી તેવુ પંચાયત ના ધારાધોરણ મુજબ જણાવવામા આવેલ છે. તેમ છતાં કાયદાની કલમને નેવે મુકીને રાજકીય વગ ધરાવનાર એજન્ટ તાલુકા પંચાયત સભ્ય હોવાનો રોફ જમાવી મતગણતરીમાં દખલગીરી ઉભી કરેલ હોય તેમ સ્વાભાવિક રીતે જણાઈ આવતા.બોડીદ્રા ગ્રામ પંચાયતના સરપંચ ઉમેદવારોને અવિશ્વાસ જણાતા ચુંટણી અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં રિકાઉન્ટીગ પ્રકીયા કરવામા આવેલ નથી. જે બેલેટ પેપર ઉપરનો સિમ્બોલ પણ યોગ્ય રીતે ઉમેદવારોને બતાવવામા નથી આવ્યો. જેથી બોડીદ્રા ગ્રામ પંચાયતના સરપંચ ઉમેદવારો તથા ગ્રામજનો સાથે સાચા ન્યાય માટે રજૂઆત દર્શાવી જણાવેલ છે. અમોને બેલેટ પેપર ઉપર મતદાન સમયે નાંખવામા આવેલ મત અને તેમણા બેલેટ પેપર ઉપર બુક નંબરની તપાસણી કરી સરખાવીને રિકાઉન્ટીગ પ્રકીયા કરી મતદારોના મતદાર યાદીમાં આવેલ અનુક્રમ નંબરની ચકાસણી કરીને અમોને રિકાઉન્ટીગ કરી આપવા બોડીદ્રા ગ્રામ પંચાયતના સરપંચ ઉમેદવારો તથા સભ્યો અને ગ્રામજનો સાથે આપ સાહેબને આવેદનપત્ર આપી રજુઆત દર્શાવી છે. અમો અરજદારોની અરજીને દયાનમા રાખીને અમોને ન્યાય મળે તે માટે નમ્ર અરજ છે. અને તેમ કરવામા કશુર કરશો તો અમો તમામ ઉમેદવારો અને સભ્યો સાથે ગ્રામજનોએ ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે અપનાવવાની જરૂર પડશે જેની ગંભીર નોંધ લેશો.આમ તમામ બોડીદ્રા ગ્રામ પંચાયતની ચૂંટણીના સરપંચ ઉમેદવારો આજ રોજ ગોધરા ખાતે પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી ઉગ્ર રજૂઆત કરવામા આવેલ છે.

## બી. ફાર્મસી કોલેજ રામપુરાના ફેકલ્ટીની સિદ્ધિ

ગોધરા,

બી.ફાર્મસી કોલેજ રામપુરાના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) યુનિટ ના પ્રોગ્રામ ઓફિસર (પી.ઓ.) મકવાણા રાજેશ્રીબેન પી.આર.ડી પરેડ જલગાવમાટે પસંદગી થતાં ફાર્મસી કોલેજનું ગૌરવ વધારેલ ત્યારબાદ તેમાંથી તેમનું ગુજરાત રાજ્ય અને ભારત સરકાર દ્વારા રિપબ્લિક ડે (પ્રજાસતાક દિવસ)ના પરેડ કેમ્પ-૨૦૨૨ માટે ભારત સરકાર રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ), ગુજરાત રાજ્ય એન.એસ.એસ તેમજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી પસંદગી થયેલ છે.



બી.ફાર્મસી કોલેજના ટ્રસ્ટી જે.આર. પટેલ, પ્રિન્સિપાલ એમ.બી.શંકર તેમજ વાઈસ પ્રિન્સિપાલ સુરેશકુમાર, તમામ સ્ટાફ તથા સ્વયં સેવક ભાઈ-બહેનો તેમને પસંદગી પામવા બદલ અભિનંદન પાઠવે છે.

## ગોધરા શહેરમાં બાઈક ચોર ગેંગ સક્રિય છેલ્લા થોડા દિવસોમાં પાંચ થી સાત બાઈકોની ચોરી

ગોધરા,

ગોધરા શહેરમાં બાઈકો ચોરોનો તરખાટ છેલ્લા કેટલાક દિવસોથી બાઈક ચોર ગેંગ સક્રિય થયેલ જોવા મળી રહી છે. શહેરના રાણા સોસાયટી, માર્કેટીંગયાર્ડ વિસ્તાર માંથી બાઈકોની ચોરી થઈ જતાં વાહન માલિકોમાં ચિંતા વધી છે.

ગોધરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી બાઈક ચોર ગેંગ સક્રિય થયેલ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના તમામ વિસ્તારમાં સીસી ટીવી કેમેરાઓ ગોઠવીને અસામાજીક તત્વોની ગતિવિધીઓ ઉપર નજર રાખવામાં આવતી હોય છે. તેમ છતાં છેલ્લા કેટલાક દિવસોમાં રાણા સોસાયટી, માર્કેટીંગયાર્ડના વિસ્તારની સોસાયટીઓ માંથી બાઈકોની ચોરીઓ વધી રહી છે. અત્યાર સુધી પાંચ થી સાત બાઈકોની ચોરી થયાનું બિનસત્તાવર જાણવા મળી રહ્યું છે. રાણા સોસાયટી માંથી એક દિવસ અગાઉ બાઈકની વાહન ચોર દ્વારા ચોરી કરાઈ હતી પરંતુ બાઈકમાં પેટ્રોલ પુરુ થઈ જતાં રેલ્વે ટ્રેક નજીક છોડીને ચાલ્યા ગયેલ હોય માલિકને રેલ્વે ટ્રેક પાસેથી મળી આવી હતી. શહેરમાં સક્રિય થયેલ બાઈક ચોર ગેંગને ઝડપી પાડવા માટે પોલીસ સક્રિય થાય તે જરૂરી છે. હાલ તો બાઈક ચોરોના ખોફ થી ઘર બહાર પાર્કિંગ કરેલ બાઈકોની રાત્રીમાં બાઈક માલિકોને ચોકી કરવાનો વારો આવ્યો હોવાનું શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

## બાકરોલ પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાની ફોર્ટિફાઈડ ચોખા વાનગી સ્પધા યોજાઈ



કાલોલ,

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં આજરોજ આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત તાલુકા કક્ષાની ફોર્ટિફાઈડ ચોખા વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારની સુચના અનુસાર એપ્રિલ ૨૦૧૧થી મધ્યાહન ભોજન યોજનાના લાભાર્થીઓને ફોર્ટીફાઈડ ચોખા આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ફોર્ટિફાઈડ ચોખા અનુસંધાને શાળાના આચાર્ય સતીશભાઈ એ જણાવ્યુ હતું કે, ફોર્ટિફાઈડ ચોખા તે પ્લાસ્ટિકના ચોખા નથી પરંતુ પોલીસ્ડ કાચા ચોખા અથવા પોલીસ્ડ પારબોઈલ્ડ ચોખા જેને ચોખાના આકારના દાણા સાથે ૧:૯૯ ના પ્રમાણમાં ભેળવવામાં આવે છે અને તેનાથી બાળકોને પોષણ મળી રહે છે. વગેરે ચર્ચા કરવામાં આવી ત્યારબાદ આંગણવાડી અને મધ્યાહન ભોજન બાકરોલ દ્વારા ચોખાની વિવિધ વાનગીઓ બનાવવામાં આવી હતી. તે વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ વાનગીઓ બાળકોને આપવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા કક્ષાએથી વિવિધ કર્મચારીઓ હાજર રહ્યા હતા. અંતે સૌ વાલીઓ ને ફોર્ટિફાઈડ ચોખા બાબતે જાગૃતિ ફેલાવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ઘોઘંબામાં ટેમ્પાએ એક્ટિવાને ટક્કર મારતા પાછળ બેઠેલ આઠ વર્ષીય કિશોરીનું ઘટના સ્થળે મોત

ઘોઘંબા,

ઘોઘંબા દૂધ ડેરી પાસે આજરોજ સાંજના સુમારે એક ટેમ્પોએ એક્ટિવાને ટક્કર મારતા પાછળ બેઠેલી આઠ વર્ષીય કિશોરી ટેમ્પાના ટાયર નીચે આવી જતાં કમ કમાટીભર્યુ મોત નીપજયું હતું. કિશોરી મઢ ગંભીરપુરા ગામની હોવાનું જાણવા મળ્યું હતું બનાવની જાણ યુવતીના પરિવારને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા તેમના હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાત્રિના સમયે કેટલાક બાઈકચાલકો બુલેટ, કેટી એમ જેવી સ્પોર્ટ બાઈક પુરપાટ ઝડપે જતા હોય છે. આ જગ્યા ઉપર


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

તાત્કાલિક સ્પીડ બ્રેકર મૂકવામાં આવે તેવી માંગ સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવી હતી.

## કાલોલના અલાલી ગામે સંજયરામ મહારાજની ચાંદ વિધિ અને ૨૨ મો પાટોત્સવ ઉજવાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

અલાલી ગ્રામજનો દ્વારા સંજયરામ મહારાજની નવમી ચાંદ વિધિ મહોત્સવ તેમજ ૨૨ મો પાટોત્સવ ઉજવાયો. જેમાં પંચકુડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પંચકુંડી યજ્ઞ માં ભુદેવના મંત્રોચ્ચારથી યજ્ઞમાં આહુતિ આપવામાં આવી હતી. આ યજ્ઞમાં ૧૪ જેટલા યજમાનોએ પંચકુંડી યજ્ઞની પૂજા વિધિનો લાભ લીધો હતો. પંચકુંડી યજ્ઞશાળામાં અખિલ ભારતીય સંત સમિતિના પંચમહાલ જિલ્લાના અદયક્ષ પ.પૂ. શ્રી સંતપ્રસાદ સ્વામીજી, શ્રી વિક્રમદાસ મહારાજ, સામતરામ મહારાજ સાથે સંતોએ અલાલી ગામની ભુમી પર પાવન પગલાં પાડતા ગ્રામ જનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. યજ્ઞમાં કાલોલ તાલુકાના રાજકીય આગેવાનોએ પણ હાજર રહીને દર્શન અને આરતીનો લાભ લઈને પ્રસાદી લીધી હતી. પંચકુંડી યજ્ઞનું આયોજન સમગ્ર અલાલીના ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું.

## કાલોલ ખાતે કોંગ્રેસ સમિતિએ આગામી વિધાનસભાની ચુંટણીનું આયોજન અને સભ્ય નોંધણી શરૂ કરાઈ



કાલોલ,

કાલોલ મુકામે કોંગ્રેસ હાઉસમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોરની સૂચના મુજબ કાલોલ તાલુકા કોંગ્રેસ સમિતિ અને કાલોલ શહેર કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી મિટિંગ કાલોલ મુકામે રાખવામાં આવેલ. જેમાં આગામી સમયમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીઓના આયોજન અંગેની તેમજ સભ્ય નોંધણી ઝુંબેશ કાર્યક્રમને સફળ બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ અજીતસિંહ ભટ્ટી, પ્રદેશ નિરીક્ષક રફીકભાઈ તિજોરીવાલા તાલુકા અને શહેર ના નિરીક્ષકઓ સ્નેહ રશ્મિકાંત ચૌહાણ, ઉમેશભાઈ શાહ, આબીદભાઈ શેખ, રણવીરસિંહ જાદવ, કાલોલ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નરવતસિંહ પરમાર તેમજ પ્રદીપસિંહ પરમાર, રાજેન્દ્રસિંહ જાદવ, ભુપેન્દ્રસિંહ ખેર, ભાવસિંહ પરમાર,ચંન્દ્રસિંહ સોલંકી, તખતસિંહ રાઠોડ, કાલોલ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અશોકભાઈ ઉપાધ્યાય,ગજેન્દ્રસિંહ ઠાકોર, રાજુભાઈ દવે તેમજ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજગઢ પોલીસ સબ ઈન્સ્પેક્ટર દ્વારા વિના મૂલ્ય માસ્ક વિતરણ કરીને કોરોના જાગૃતિ અભિયાનની શરૂઆત કરી




રાજગઢ,

છેલ્લા બે વર્ષથી સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસ દ્વારા હાહાકાર મચી ગયો છે અને સમગ્ર માનવ જીવન હચમચી ઉઠયું છે. જાહેર જીવન અને આર્થિક તથા સામાજિક રીતે ખૂબ મોટા નુકશાનો વેઠવા પડ્યા છે. કોરોનાના બે તબક્કા પસાર થવા છતાં હજુ પણ કેટલાક વિસ્તારમાં લોકજાગૃતિ જણાતી નથી. ત્યારે ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેકટર આર.આર. ગોહિલ તથા તેઓના સ્ટાફ મિત્રો દ્વારા એક અગત્યનું કોરોના જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અભિયાનમાં તેઓ લોક જાગ્રુતિ તથા ઘોઘંબા બજારમાં આવતા તમામ લોકોને વિનામૂલ્યે માસ્ક વિતરણ કરી અને કોરોનાની ત્રીજી લહેરથી બચવા માટે વિનંતી કરી હતી. સાથે સાથે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રને સહકાર આપવા માટે તેઓના દ્વારા સૌને અપીલ કરી હતી. ખરેખર ઉત્તમ અને સરાહનીય કામગીરી બદલ ખુબ ખુબ અભિનંદન.